રવિવાર, 22 ફેબ્રુઆરી, 2026 ફાગણ સુદ પાંચમ

“વડોદરાથી પ્રસિદ્ધ થતું નિડર અને નિષ્પક્ષ અખબાર”

ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.




દૈનિક પલ્સ સાથે આગળ રહો....

# દૈનિક પલ્સ

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશ જગદીશ રાવલ ✻ મો :૯૯૦૯૯૧૧૧૭૫ ✻ RNI NO : GJGUJ/25/A1447 ✻ Vist : www.dailypulse.org.in

રજીસ્ટર ઑફિસે : ૧૧/૩ સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ✻ Follow : @dailypulsenews24 ✻ દૈનિક સોશ્યિલ આવૃત્તિ ✻ કિંમત : મફત

## પ્રયાગરાજ કોર્ટે શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સામે એફઆઈઆર નોંધવા આદેશ આપ્યો

**પ્રયાગરાજ:** જ્યોતિર્પીઠના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી સામે જાતીય શોષણ અને પોક્સો એક્ટ હેઠળના ગંભીર આરોપોમાં હવે કાયદાકીય ગાળિયો કસાયો છે. પ્રયાગરાજની વિશેષ પોક્સો અદાલતે ઝુનસી પોલીસ સ્ટેશનને શંકરાચાર્ય અને તેમના શિષ્ય સ્વામી મુકુંદાનંદ ગિરી સામે ત્વરિત એફઆઈઆર (FIR) નોંધીને નિષ્પક્ષ તપાસ શરૂ કરવા આદેશ જારી કર્યો છે. આ વિવાદની શરૂઆત ૨૮ જાન્યુઆરીના રોજ થઈ હતી જ્યારે શ્રી કૃષ્ણ જન્મભૂમિ મુક્તિ નિર્માણ ટ્રસ્ટના આશુતોષ બ્રહ્મચારીએ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. અરજીકર્તાનો આરોપ છે કે સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીના આશ્રમમાં સગીર બાળકો સાથે જાતીય શોષણની ઘટનાઓ બને છે. પુરાવા તરીકે તેમણે કોર્ટમાં એક સીડી (CD) પણ રજૂ કરી છે. એડજન્ટ પોક્સો એક્ટના ન્યાયાધીશ વિનોદ કુમાર ચૌરસિયાએ આ પુરાવા અને દલીલોને ધ્યાને લઈ બંને આરોપીઓ સામે કાનૂની કેસ દાખલ કરવાનો આદેશ આપ્યો છે.

કોર્ટના નિર્દેશ બાદ સ્વામી અવિમુક્તેશ્વરાનંદે આક્રમક પ્રતિક્રિયા આપી છે. તેમણે તમામ આરોપોને નકારી કાઢતા તેને 'પાયાવિહોણા' ગણાવ્યા છે. સ્વામીએ આકરા શબ્દોમાં ટિપ્પણી કરી હતી કે, "હું યોગી આદિત્યનાથ નથી કે જે પોતાની સામેના આરોપો હટાવી લે. હું હિંમતભેર આ આરોપોનો સામનો કરીશ અને સત્ય દુનિયા સમક્ષ લાવીશ." તેમણે ફરિયાદી આશુતોષ બ્રહ્મચારી પર નિશાન સાધતા કહ્યું કે તેઓ પોતે હિસ્ટ્રીશીટર છે અને તેમની સામે અનેક કેસ નોંધાયેલા છે.

સ્વામીએ પોલીસ તપાસ પર સંપૂર્ણ અવિશ્વાસ વ્યક્ત કર્યો છે અને કોર્ટને વિનંતી કરી છે કે આ કેસમાં બિનજરૂરી વિલંબ ન કરવામાં આવે. તેમણે સમગ્ર મામલાની ઉચ્ચ સ્તરીય તપાસની માંગણી કરતા જણાવ્યું કે તેઓ તપાસ એજન્સીઓને સંપૂર્ણ સહકાર આપવા તૈયાર છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે આ આરોપો કોઈ બહારના વ્યક્તિ દ્વારા નહીં, પરંતુ રામ ભદ્રાચાર્યના શિષ્ય દ્વારા લગાવવામાં આવ્યા છે, જે એક મોટું ષડયંત્ર હોઈ શકે છે. હાલમાં, કોર્ટના આદેશ બાદ ઝુનસી પોલીસ FIR નોંધવાની પ્રક્રિયામાં છે. આગામી દિવસોમાં આ મામલો વધુ ગંભીર વળાંક લઈ શકે છે, કારણ કે આમાં દેશના એક ઉચ્ચ ધાર્મિક વડાના નામનો ઉલ્લેખ છે. કોર્ટની આ કાર્યવાહી સ્વામી અવિમુક્તેશ્વરાનંદ માટે મોટા કાનૂની પડકારો ઊભા કરી શકે છે.



**પ્રયાગરાજની સ્પેશિયલ પોક્સો કોર્ટે જ્યોતિર્પીઠના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ અને તેમના શિષ્ય સામે જાતીય શોષણના આરોપમાં એફઆઈઆર નોંધવા પોલીસને નિર્દેશ આપ્યો છે. સ્વામીએ આ આરોપોને પાયાવિહોણા ગણાવી તાત્કાલિક અને નિષ્પક્ષ તપાસની માંગ કરી છે.**

## નાગદાને 'ગામ' કહેતા ફસાયા બીગ બી, કોર્ટમાં ફરિયાદ થઈ

**દૈનિક પલ્સ સમાચાર:** 'કૌન બનેગા કરોડપતિ'ના મંચ પરથી નાગદા શહેર વિશે અપાયેલી ભ્રામક માહિતીને કારણે અમિતાભ બચ્ચન વિવાદમાં સપડાયા છે. ગત 23 ડિસેમ્બર 2025ના રોજ પ્રસારિત એપિસોડમાં બીગ બીએ નાગદાને પાણીની કટોકટીવાળું એક નાનું ગામ ગણાવ્યું હતું. આ બાબત તથ્યાત્મક રીતે ખોટી હોવાનું જણાવી નાગદાના વકીલ લક્ષ્મણ સુંદરાએ JMFC કોર્ટમાં પરિવાદ દાખલ કર્યો છે. અરજીમાં જણાવાયું છે કે નાગદા દોઢ લાખથી વધુ વસ્તી ધરાવતું વિકસિત ઔદ્યોગિક નગર છે અને તેને જિલ્લો બનાવવાની જાહેરાતો પણ થઈ ચૂકી છે. આટલા મોટા પ્લેટફોર્મ પરથી ખોટી માહિતી આપવા બદલ અમિતાભ બચ્ચન અને સોની પિક્ચર્સના સીઈઓ ગૌરવ બેનર્જી સામે ગુનો નોંધવાની માંગ કરાઈ છે. કોર્ટે ફરિયાદને CIS (Case Information System) માં રજિસ્ટર કરી છે અને પોલીસ સ્ટેશન પાસેથી આ મામલે વિગતવાર રિપોર્ટ રજૂ કરવા આદેશ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે અમિતાભ બચ્ચનનું સાસરું પણ મધ્યપ્રદેશના ભોપાલમાં જ આવેલું છે.



## વડોદરા: મેયરના વોર્ડમાં જનતા પાણી માટે તરસી, કોંગ્રેસનો આક્રોશ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરના રસ્તાઓ પર આજે જનતાના આક્રોશનો પડઘો સંભળાયો હતો. ભારતીય જનતા પાર્ટીની કથિત તાનાશાહી અને ભ્રષ્ટાચાર સામે વડોદરા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજવા રોડ પર ભવ્ય 'જનમંચ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોષીના નેતૃત્વમાં યોજાયેલા આ કાર્યક્રમમાં શાસકોની નિષ્ફળતાને ખુલ્લી પાડવામાં આવી હતી. ઋત્વિજ જોષીએ આક્રમક શૈલીમાં જણાવ્યું હતું કે, "આશ્ચર્યની વાત છે કે છેલ્લા ૫ વર્ષથી જે વોર્ડ નંબર ૪ માંથી શહેરના મેયર પ્રતિનિધિત્વ કરી રહ્યા છે, તે જ વોર્ડ આજે બદહાલીનું પ્રતીક બન્યો છે. જો મેયર પોતાનો જ વોર્ડ સંભાળી શકતા ન હોય, તો આખું વડોદરા શું સંભાળશે?" તેમણે જનમંચ પરથી આવાસ યોજનાના ખંડેર મકાનો અને જનતાના પરસેવાની કમાણીની લૂંટનો મુદ્દો ઉઠાવ્યો હતો. કોંગ્રેસે આક્ષેપ કર્યો કે શહેરમાં પીવાના પાણીની કૃત્રિમ અછત ઊભી કરીને 'ટેન્કર રાજ' ચલાવવામાં આવી રહ્યું છે. કરોડોના ખર્ચે બનેલો સાયકલ ટ્રેક હવે ક્યાં ગાયબ થઈ ગયો છે તે મેયર પણ શોધી શકે તેમ નથી. બિસ્માર રસ્તાઓ, ઉડતી ધૂળ અને ગંદકીના સામ્રાજ્યથી ત્રસ્ત વોર્ડ 4 ના રહીશોએ પણ પોતાની વ્યથા પ્રમુખ સમક્ષ ઠાલવી હતી. ગટરોના પાણી પીવાની લાઇનમાં ભળતા હોવાથી રોગચાળો ફાટી નીકળવાની દહેશત પણ વ્યક્ત કરાઈ હતી. આ કાર્યક્રમમાં વિરોધ પક્ષના નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવ, કોર્પોરેટર અલ્કાબેન પટેલ તેમજ સિનિયર નેતાઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસ પ્રમુખે અંતમાં ચેતવણી આપી હતી કે જો ભ્રષ્ટાચારી અધિકારીઓ અને પદાધિકારીઓ સામે પગલાં લેવામાં નહીં આવે અને જનતાની પાયાની સુવિધાઓમાં તાત્કાલિક સુધારો નહીં થાય, તો કોંગ્રેસ પક્ષ આગામી દિવસોમાં જનતાને સાથે રાખીને સમગ્ર શહેરમાં ઉગ્ર આંદોલન કરશે.



## કરજણના ચોરભુજ ગામે ત્રણ મકાનોમાં ભીષણ આગથી ભારે દોડધામ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં આવેલા ચોરભુજ ગામે ગત સાંજે લાગેલી ભીષણ આગમાં ત્રણ પરિવારોએ પોતાની ઘરવખરી ગુમાવી છે. સાંજના સમયે જ્યારે ગામમાં શાંતિ હતી ત્યારે અચાનક એક મકાનમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતા. જોતજોતામાં આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું અને આસપાસના બે મકાનો પણ આગની ઝપેટમાં આવી ગયા હતા.

આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિકોએ સ્વયંભૂ આગ બુઝાવવાના પ્રયાસો કર્યા હતા, પરંતુ આગ કાબૂ બહાર જતાં કરજણ ફાયર સ્ટેશનનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. આગ એટલી ભયાનક હતી કે તેને કાબૂમાં લેતા ફાયર ફાઇટરોને એક કલાકથી વધુ સમય લાગ્યો હતો. એક કલાકની ભારે જહેમત અને સતત પાણીના મારા બાદ આગને શાંત પાડવામાં સફળતા મળી હતી.

આ દુર્ઘટનામાં કોઈ વ્યક્તિને શારીરિક ઈજા કે જાનહાનિ થઈ નથી, જે એક રાહતના સમાચાર છે. પરંતુ, ત્રણેય મકાનોમાં રહેલી જીવનજરૂરી તમામ ચીજવસ્તુઓ અને ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ છે, જેના કારણે મકાન માલિકોને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ફાયર અધિકારીઓના જણાવ્યા મુજબ, પ્રાથમિક તપાસમાં વીજ લાઈનમાં શોર્ટ સર્કિટ થવાને કારણે આગ લાગી હોવાનું જણાય છે. હાલમાં નુકસાનીનો અંદાજ મેળવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

**કરજણના ચોરભુજ ગામે ગત સાંજે એક મકાનમાં લાગેલી આગ આસપાસના અન્ય બે મકાનોમાં પ્રસરતા અફરાતફરી મચી ગઈ હતી. ફાયર વિભાગે એક કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ છે.**




## સેન્ટ્રલ બેંક વડોદરા: મેગા રિટેલ આઉટરીચ કેમ્પેઈન સફળ

**દૈનિક પલ્સ સમાચાર:** સેન્ટ્રલ બેંક ઑફ ઈન્ડિયા, ક્ષેત્રીય કાર્યાલય વડોદરા દ્વારા સયાજીગંજમાં ભવ્ય 'મેગા રિટેલ આઉટરીચ કેમ્પેઈન' યોજાયું હતું. આ આયોજનમાં જિલ્લાની તમામ શાખાઓના સહયોગથી નવા ગ્રાહકોને બેંકની વિવિધ રિટેલ યોજનાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે બેંકના પ્રાદેશિક પ્રમુખ શ્રી અરુણ કુમાર મિશ્રાએ હાજરી આપી ગ્રાહકોના પ્રતિસાદ લીધા હતા.

કાર્યક્રમ દરમિયાન આત્મીય ગ્રુપના સંજય પટેલ, ક્રેડાઈ વડોદરાના પ્રમુખ હિતેશ શાહ અને અન્ય પ્રતિષ્ઠિત બિલ્ડરો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પેઈન હેઠળ કુલ ₹42 કરોડના લોન મંજૂરી પત્રો એનાયત કરવામાં આવ્યા હતા, જેમાં હોમ લોન, કાર લોન, ગોલ્ડ લોન અને ગૃહલક્ષ્મી આવાસ યોજના જેવી વિવિધ ક્રેડિટ સુવિધાઓનો સમાવેશ થાય છે. બેંક દ્વારા ઇલેક્ટ્રોનિક અને સોશિયલ મીડિયાના માધ્યમથી લોકોમાં લોન પ્રક્રિયા અંગે જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે, જેથી સામાન્ય નાગરિકો સરળતાથી બેંકિંગ સુવિધાઓનો લાભ લઈ શકે.




**સેન્ટ્રલ બેંક ઑફ ઈન્ડિયા, વડોદરા દ્વારા સયાજીગંજ ખાતે આયોજિત મેગા રિટેલ આઉટરીચ કેમ્પમાં ₹42 કરોડની લોન મંજૂર કરવામાં આવી હતી. પ્રાદેશિક પ્રમુખ શ્રી અરુણ કુમાર મિશ્રાની હાજરીમાં નવા ગ્રાહકોને હોમ લોન, કાર લોન અને ગોલ્ડ લોનના મંજૂરી પત્રો અપાયા હતા.**

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના, સમાચાર અથવા વ્યવસાયની જાહેરાત આપવા માટે આજે જ અમારો સંપર્ક કરો. ૯૯૦૯૯૧૧૧૭૫

# સાવધાન વડોદરા! ઘી, તેલ અને પનીરના 25 નમૂનાઓ લેબમાં ફેલ જાહેર

## વડોદરામાં આરોગ્ય સાથે ચેડાં કરતાં વેપારીઓના 25 નમૂના ફેલ

**દૈનિક પલ્સ સમાચાર:** શહેરમાં ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ અટકાવવામાં વડોદરા મહાનગરપાલિકાનું ફૂડ સેફ્ટી વિભાગ સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થયું છે. તાજેતરમાં વિવિધ વિસ્તારોમાંથી લેવામાં આવેલા ખાદ્ય ચીજવસ્તુઓના નમૂનાઓમાંથી ૨૫ જેટલા નમૂના 'સબ-સ્ટાન્ડર્ડ' જાહેર થયા છે. આ નમૂનાઓમાં ઘી, તેલ, પનીર, ખોયા અને ગોળ જેવી પાયાની વસ્તુઓનો સમાવેશ થાય છે, જે નગરજનોના સ્વાસ્થ્ય માટે હાનિકારક સાબિત થઈ શકે છે. પાલિકાના આ ઢીલા વહીવટ સામે વરિષ્ઠ ધારાસભ્ય યોગેશ પટેલે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમણે અનેકવાર આક્ષેપ કર્યો છે કે, આરોગ્ય વિભાગ જ્યારે નમૂના લે છે ત્યારે તેનો રિપોર્ટ આવતા ૧૫ દિવસથી વધુનો સમય લાગે છે. આ સમયગાળા દરમિયાન તો બધો જ અખાદ્ય જથ્થો લોકોના પેટમાં પહોંચી ગયો હોય છે. તંત્ર દ્વારા કોઈ કડક દંડ કે જેલ જેવી કાર્યવાહી ન કરાતા ભેળસેળિયા વેપારીઓને મોકળું મેદાન મળી રહ્યું છે. સામાન્ય જનતાના લોહી-પરસેવાની કમાણી સામે આ વેપારીઓ 'ધીમું ઝેર' પીરસી રહ્યા છે. ફેલ થયેલા નમૂનાઓની યાદીમાં સ્વીસ્ટા એન્ટરપ્રાઇઝનું ગાયનું ઘી, એક્સપ્રેસ હોટલ અને શ્રી ક્રિષ્ણા રેસ્ટોરેન્ટના પનીર, તેમજ શ્રી જગદંબા ચેવડા માર્ટના સીંગતેલ જેવા નામો સામેલ છે. નિઝામપુરાના શ્રી ઉમિયા પ્રોવિઝન સ્ટોરના ગોળમાં પણ ખામી જોવા મળી છે. આ રિપોર્ટ દર્શાવે છે કે શહેરના કોઈ પણ વિસ્તારમાં ખોરાક સલામત નથી. આરોગ્ય વિભાગના અધિકારીઓ માત્ર નોટિસ આપીને સંતોષ માની રહ્યા છે, જે આ ગંભીર ગુના માટે પૂરતું નથી. શું તંત્ર કોઈ મોટી હોનારતની રાહ જોઈ રહ્યું છે? નગરજનો હવે માંગ કરી રહ્યા છે કે આવા વેપારીઓની દુકાનોને કાયમી સીલ કરી તેમની સામે કડક ફોજદારી રાહે કાર્યવાહી કરવામાં ?




**વડોદરા મહાનગરપાલિકાનું ફૂડ સેફ્ટી વિભાગ જાણે ઊંઘતું ઝડપાયું હોય તેમ શહેરમાં અખાદ્ય ચીજવસ્તુઓનું સામ્રાજ્ય ફેલાયું છે. તાજેતરમાં લેવાયેલા નમૂનાઓમાંથી 25 જેટલા નમૂના પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં ફેલ જાહેર થયા છે. આ રિપોર્ટમાં ઘી, તેલ, પનીર અને ગોળ જેવી રોજિંદી વસ્તુઓ હલકી ગુણવત્તાની નીકળી છે. વરિષ્ઠ ધારાસભ્ય યોગેશ પટેલે પણ તંત્રની ઢીલી કામગીરી પર પ્રહારો કર્યા છે. આશ્ચર્યની વાત એ છે કે જ્યાં સુધી લેબ રિપોર્ટ આવે, ત્યાં સુધીમાં તો આ ઝેરી જથ્થો નગરજનોના પેટમાં પહોંચી ગયો હોય છે.**

# હિંમતનગર: આર. એલ. પટેલ કોલેજમાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી

**દૈનિક પલ્સ સમાચાર:** હિંમતનગરની આર. એલ. પટેલ ડી.એલ.એડ. કોલેજ ખાતે વિશ્વ માતૃભાષા દિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી. વિદ્યાનગરી કેમ્પસમાં આયોજિત આ કાર્યક્રમમાં સાહિત્યિક અને સાંસ્કૃતિક માહોલ જોવા મળ્યો હતો. મુખ્ય વક્તા બંસીલાલ ચંપાવતે વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું કે માતૃભાષા એ આપણા વિચારો અને સંસ્કારોનું માધ્યમ છે, તેનું જતન કરવું અનિવાર્ય છે. સંસ્થાના પ્રિન્સિપાલ પ્રકાશકુમાર પટેલે કાર્યક્રમની સફળતા માટે માતૃભાષાના ગૌરવપૂર્ણ ઇતિહાસની છણાવટ કરી હતી. ઉજવણીના ભાગરૂપે 55 વિદ્યાર્થીઓએ સુંદરમ, મેઘાણી, દલપતરામ અને ઉમાશંકર જોશી જેવા સમર્થ સાહિત્યકારોની કવિતાઓનું પઠન અને સંગીતમય ગાન કર્યું હતું. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં ગુજરાતી સાહિત્ય પ્રત્યે રુચિ જાગ્રત કરવાનો પ્રયાસ કરાયો હતો. ગુજરાતી વિભાગના પ્રધ્યાપિકા સાવિત્રીબેન જાદવે માતૃભાષાની મીઠાશ અને પ્રસ્તુતતા વિશે મંતવ્યો આપ્યા હતા. કાર્યક્રમનું સંચાલન હિનલબેન પઢિયારે અને આભાર વિધિ વિપુલભાઈ ડામોરે કરી હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓની હાજરીથી કાર્યક્રમ જીવંત રહ્યો હતો. વિશ્વમંગલમ કેળવણી મંડળના પ્રમુખ ડો. ડી. એલ. પટેલ, ટ્રસ્ટી મહેન્દ્રભાઈ અને જયદીપભાઇ પટેલે આયોજકોને આ શૈક્ષણિક પહેલ બદલ બિરદાવ્યા હતા.


રિપોર્ટ : સોમાજી ચૌહાણ

# વિનય મંદિર વૃંદાવન: માતૃભાષા ગૌરવ દિનની પ્રેરક ઉજવણી

**દૈનિક પલ્સ સમાચાર:** પ્રાંતિજ તાલુકાના દલપુર-નનાનપુર પાસે આવેલ વિનય મંદિર વૃંદાવન શાળામાં 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ' ની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. વિશ્વ મંગલમ અનેરા ટ્રસ્ટ દ્વારા સંચાલિત આ શાળામાં વિદ્યાર્થીઓને માતૃભાષાના મહિમાથી પરિચિત કરાવવા માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરાયું હતું. શાળાના આચાર્ય ડી. કે. પટેલે આજના સમયમાં માતૃભાષાનું શું મહત્વ છે અને તે કેવી રીતે આપણા સંસ્કારોનું જતન કરે છે તે અંગે વિદ્યાર્થીઓને ખૂબ જ સુંદર રીતે સમજાવ્યું હતું. આ સાથે જ ગુજરાતી વિષયના શિક્ષિકા શ્રીમતી પી. પી. પંચાલે 'માતૃભાષા ગૌરવ દિન' વિશે વાત કરતા માતૃભાષાની મીઠાશ અને તેની સમૃદ્ધિ વિશે પ્રવચન આપ્યું હતું. કાર્યક્રમની વિશેષતા એ રહી કે પ્રાર્થના સભામાં વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જ્યાં બે વિદ્યાર્થીઓએ માતૃભાષા પર વક્તવ્ય રજૂ કર્યા હતા. આ સાહિત્યિક અને સાંસ્કૃતિક ઉજવણીથી શાળાનું વાતાવરણ માતૃભાષાના ગૌરવથી ગુંજી ઉઠ્યું હતું.

**રિપોર્ટ : સોમાજી ચૌહાણ**

**સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાની વિનય મંદિર વૃંદાવન શાળામાં આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની ઉજવણી કરાઈ હતી. આચાર્ય ડી. કે. પટેલ અને શિક્ષિકા પી. પી. પંચાલે વિદ્યાર્થીઓને માતૃભાષાનું મહત્વ સમજાવ્યું હતું. પ્રાર્થના સભામાં વિદ્યાર્થીઓએ પણ વક્તવ્ય આપી ભાષા પ્રત્યે ગૌરવ વ્યક્ત કર્યું હતું.**

## વડોદરા: ચોથા માળેથી પટકાતા હોમગાર્ડ જવાનનું કરુણ મોત

વડોદરા શહેરના સમા વિસ્તારમાં અગોરા સીટી સેન્ટર નામની સાઇટ પર રવિવારે એક યુવકનું રહસ્યમય સંજોગોમાં મોત નીપજ્યું છે. ૩૫ વર્ષીય હિતેન્દ્ર પરમાર નામનો યુવક બિલ્ડિંગના ચોથા માળેથી નીચે પટકાતા લોહીલુહાણ હાલતમાં ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યો હતો. હિતેન્દ્ર પોતે સમા વિસ્તારની નવી નગરીમાં રહેતો હતો અને સમા પોલીસ મથકમાં જ હોમગાર્ડ તરીકે કાર્યરત હતો.
બનાવની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પ્રાથમિક અનુમાન મુજબ, હિતેન્દ્ર કોઈ અકળ કારણોસર બિલ્ડિંગમાં પ્રવેશ્યો હતો અને લોકોનો અવાજ સાંભળી પકડાઈ જવાના ડરથી ભાગવા માટે ચોથા માળેથી નીચે કૂદ્યો હોઈ શકે છે. આ આખી ઘટના અંગે અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે. પોલીસે મૃતદેહનો કબજો મેળવી એસ.એસ.જી. હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. એક પોલીસ જવાનના જ આવા શંકાસ્પદ મોતના સમાચારથી સ્થાનિક વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

## વડોદરા: ઉનાળાની શરૂઆતમાં જ પાણી માટે જનતાના વલખાં

વડોદરા શહેરમાં ઉનાળાના પ્રારંભે જ જળ સંકટ ઘેરૂ બન્યું છે. ખાસ કરીને વોર્ડ નંબર 4 ના રહીશો પાણી માટે વલખા મારી રહ્યા છે. આ એ જ વોર્ડ છે જેનું પ્રતિનિધિત્વ ખુદ શહેરના મેયર કરે છે. આજે મોટી સંખ્યામાં મહિલાઓ અને સ્થાનિક રહીશોએ પાણીની પૂરતી સુવિધા ન મળતા વોર્ડ કચેરી ખાતે મોરચો માંડ્યો હતો અને કાર્યપાલક એન્જિનિયર સમક્ષ ઉગ્ર રજૂઆત કરી હતી.
રહીશોનો આક્ષેપ છે કે પાલિકાના પૂરતા પાણીના દાવાઓ માત્ર કાગળ પર છે. બીજી તરફ, કાર્યપાલક ઇજનેરે બચાવ કરતા જણાવ્યું હતું કે સોસાયટીના કોન્ટ્રાક્ટર દ્વારા યોગ્ય ક્ષમતાની લાઇન ન માંગવામાં આવતા આ સમસ્યા સર્જાઈ છે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે પણ આ જ વિસ્તારમાં સૌથી વધુ ટેન્કરો મંગાવવાની ફરજ પડી હતી. હજુ તો ઉનાળો શરૂ થયો છે ત્યાં જ મેયરના વોર્ડમાં આ સ્થિતિ હોય, તો આગામી મે-જૂન મહિનામાં સ્થિતિ વધુ ગંભીર બને તેવી ભીતિ સેવાઈ રહી છે.

## વડોદરા: લગ્ન બાદ પણ યુવતીને હેરાન કરનાર યુવક સામે ગુનો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના ગોત્રી પોલીસ મથકે એક યુવતીએ પજવણી અને ધમકી આપવા બદલ ફરિયાદ નોંધાવતા ચકચાર મચી છે. ખાનગી કંપનીમાં નોકરી કરતી યુવતીએ ફરિયાદમાં જણાવ્યું છે કે, વર્ષ 2020માં ઇન્સ્ટાગ્રામ દ્વારા તેની મુલાકાત મહોમદ કૈફ નામના યુવક સાથે થઈ હતી. સમય જતાં બંને વચ્ચે મિત્રતા ગાઢ બની હતી અને તેઓ શહેરના વિવિધ સ્થળોએ મળતા હતા. જોકે, ધર્મ અલગ હોવાના કારણે વર્ષ 2024માં તેમના લગ્નની વાત પરિવારે નકારી કાઢી હતી.
ત્યારબાદ યુવકે અન્ય યુવતી સાથે લગ્ન કરી લીધા હતા. આ સ્થિતિમાં યુવતીએ તેની સાથે સંપર્ક કાપી નાખવા જણાવ્યું હતું, પરંતુ મહોમદ કૈફને આ મંજૂર નહોતું. લગ્નના એક અઠવાડિયા બાદ જ તેણે યુવતીને ફોન કરવાનું શરૂ કર્યું હતું. યુવતીએ તેને બ્લોક કર્યો તો તેણે અન્ય રીતે હેરાનગતિ શરૂ કરી હતી. જ્યારે યુવતીએ પોલીસ ફરિયાદ કરવાની વાત કરી ત્યારે યુવકે ઉદ્ધત વર્તન કરતા જણાવ્યું હતું કે, "તારાથી થાય તે કરી લે, હું કોઈનાથી ડરતો નથી."આટલું જ નહીં, યુવકે યુવતી પર ભાવનાત્મક દબાણ લાવવા માટે આપઘાતની ધમકી પણ આપી હતી. યુવતીની ફરિયાદના આધારે ગોત્રી પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કિસ્સો સોશિયલ મીડિયાના ઉપયોગમાં રાખવી પડતી સાવચેતી અંગે લાલબત્તી સમાન છે.

**સમાચાર તથા જાહેરાત આપવા સંપર્ક કરો : ૯૯૦૯૯૧૧૧૭૫**

# સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા અમદાવાદમાં મેગા લોન મેળાનું આયોજન

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ ખાતે સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા 21 ફેબ્રુઆરીના રોજ એક ભવ્ય 'મેગા રિટેલ ક્રેડિટ આઉટરીચ' કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. બેંકના રાષ્ટ્રવ્યાપી અભિયાનના ભાગરૂપે અમદાવાદ અને ગાંધીનગર રીજનના ગ્રાહકો માટે આ સંયુક્ત કેમ્પ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે બેંકના મહા પ્રબંધક શ્રી કે. કે. કાલા ઉપસ્થિત રહ્યા હતા અને બેંકિંગ ક્ષેત્રમાં રિટેલ ક્રેડિટના વધતા મહત્વ પર ભાર મૂક્યો હતો. આ કેમ્પ દરમિયાન વિવિધ રિટેલ લોન યોજનાઓ હેઠળ લાભાર્થીઓને કુલ ₹200 કરોડની માતબર રકમના લોન મંજૂરી પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. બેંકની આ પહેલનો હેતુ સમાજના વિવિધ વર્ગોને તેમની આર્થિક જરૂરિયાતો માટે સરળતાથી ધિરાણ પૂરું પાડવાનો છે. ગ્રાહક સેવાને પ્રાધાન્ય આપતા આ કાર્યક્રમમાં નાણાકીય સાક્ષરતા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. વીડિયો KYC જેવી આધુનિક ટેકનોલોજી અને બેંકમાં પડી રહેલી અનક્લેમ્ડ ડિપોઝિટ મેળવવાની પ્રક્રિયા અંગે ગ્રાહકોને વિગતવાર સમજણ આપવામાં આવી હતી. ઝોનલ હેડ શ્રી સુનીલ કુમાર સરકાર, અમદાવાદના રીજનલ હેડ શ્રી ગૌરવ કુમાર જૈન અને ગાંધીનગરના રીજનલ હેડ શ્રી ચંદન કુમાર ઝાની પ્રેરક ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો. ગ્રાહકોએ બેંકના આ અભિગમને બિરદાવતા જણાવ્યું હતું કે આવા કાર્યક્રમોથી લોન લેવાની પ્રક્રિયા ઝડપી અને સરળ બને છે.



રિપોર્ટ : ચેતન રાજપૂત

### વડોદરા: અનગઢ રેલવે ટ્રેક પર મળેલા પદાર્થનું રહસ્ય ખુલ્યું



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના અનગઢ નજીક પસાર થતા ઇન્ડસ્ટ્રીયલ રેલવે ટ્રેક પર શંકાસ્પદ વિસ્ફોટક પદાર્થ હોવાની જાણ થતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને FSLની ટીમ સ્થળ પર પહોંચી હતી. મામલાની ગંભીરતાથી તપાસ કરતા જાણવા મળ્યું કે આ પદાર્થો માત્ર લગ્ન પ્રસંગમાં વપરાતા વપરાયેલા કોલ્ડ ફાયર હતા. કોઈ અજાણ્યા ટીખળખોરે ગભરાટ ફેલાવવા આ પદાર્થો ત્યાં મૂક્યા હોવાનું સામે આવતા તંત્રએ હાશકારો અનુભવ્યો છે.

### વડોદરા: તરસાલીમાં MGVCLની ગાડીનો ફિલ્મી અકસ્માત સર્જાયો



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના તરસાલી વિસ્તારમાં બંસલ મોલ સામે MGVCLની બોલેરો ગાડીનો ભયાનક અકસ્માત સર્જાયો હતો. ગાડીના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા બોલેરો ડિવાઈડર ઉપરથી ઉછળીને સામે આવેલા મકાનની દીવાલ સાથે ધડાકાભેર ટકરાઈ હતી. આ આખી ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે. અકસ્માત સર્જીને ગાડીમાં સવાર ચાર કર્મચારીઓ સ્થળ પરથી ભાગી છૂટ્યા હતા. આ મામલે હાલ તપાસ હાથ ધરવામાં આવી છે.

### વડોદરા: RTO ટેસ્ટ આપવા જતાં યુવકનું અકસ્માતમાં મોત



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના નેશનલ હાઈવે-48 પર આજે સવારે એક દર્દનાક અકસ્માત સર્જાયો હતો. ગોલ્ડન ચોકડીથી આજવા ચોકડી તરફ જતી વખતે એક્ટિવા પર સવાર બે મિત્રોને ટ્રેલરે અડફેટે લીધા હતા. આ ઘટનામાં છાણીના રહેવાસી મહાવીર વીરપરાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. તે ડ્રાઇવિંગ લાયસન્સ માટેની ટેસ્ટ આપવા જઈ રહ્યો હતો. ઇજાગ્રસ્ત મિત્ર યુવરાજ ઠાકોરને સયાજી હોસ્પિટલ ખસેડાયો છે. હરણી પોલીસે ટ્રાફિક ક્લિયર કરાવી તપાસ શરૂ કરી છે.

## દાહોદ: કલેક્ટરના અધ્યક્ષ સ્થાને સંકલન બેઠક, પરીક્ષા-જળ સંચયની સમીક્ષા

### દાહોદ કલેક્ટરની બેઠક: નલ સે જલ અને બોર્ડ પરીક્ષા પર ભાર

**દૈનિક પલ્સ સમાચાર:** જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટર યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મળી હતી. આ બેઠકમાં શિક્ષણ, કૃષિ અને જળ વ્યવસ્થાપન જેવા પાયાના મુદ્દાઓ પર ગહન સમીક્ષા કરવામાં આવી હતી. કલેક્ટર યોગેશ નિરગુડેએ આગામી બોર્ડ પરીક્ષાઓને લક્ષમાં રાખીને અધિકારીઓને તાકીદ કરી હતી કે પરીક્ષા કેન્દ્રો પર નિયુક્ત ઓબ્ઝર્વરોએ સમયસર હાજર રહી શિસ્તબદ્ધ વાતાવરણ જાળવવું. પરીક્ષા કેન્દ્રો પર કાયદો અને વ્યવસ્થા માટે પોલીસ બંદોબસ્ત, અવિરત વીજ પુરવઠો અને વિદ્યાર્થીઓ માટે એસટી બસની વધારાની ટ્રીપો ગોઠવવા અંગે તેમણે માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં, શાળામાં ઉપયોગમાં ન હોય તેવા રૂમો સીલ કરવા અને પરીક્ષા સમયે આસપાસના ઝેરોક્ષ મશીનો બંધ રાખવા સૂચના અપાઈ હતી. જળસુરક્ષા બાબતે કલેક્ટરે જણાવ્યું હતું કે 'જળસંચય-જનભાગીદારી યોજના' અંતર્ગત તમામ જળસંગ્રહના કામો ૧ મે, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાના રહેશે. 'નલ સે જલ' યોજનામાં જે ગામોમાં કામ અધૂરું છોડી એજન્સીઓ જતી રહી છે, તેમની સામે આકરી કાર્યવાહી કરવા અથવા તેમની પાસે કામ પૂર્ણ કરાવવા તંત્રને આદેશ અપાયા છે. ખેતીવાડી ક્ષેત્રે પ્રાકૃતિક ખેતી પર ભાર મૂકતા કલેક્ટરે કૃષિ સખીઓ અને માસ્ટર ટ્રેનર્સની નિમણૂક તેમજ સોયાબીન, ચણા અને તુવરના વાવેતરમાં વધારો કરવા જણાવ્યું હતું. પ્રાકૃતિક પેદાશોના વેચાણ માટે દરેક તાલુકામાં વિશિષ્ટ સ્ટ્રક્ચર ઉભા કરવા પ્રાંત અધિકારીઓ અને ચીફ ઓફિસરોને જમીન ફાળવણી પ્રક્રિયા ઝડપી બનાવવા જણાવાયું હતું. બેઠકમાં એસપી રવિરાજસિંહ જાડેજા, નિવાસી અધિક કલેક્ટર જે.એમ. રાવલ અને ધારાસભ્ય બચુભાઈ ખાબડ સહિતના આગેવાનોએ હાજર રહી જનહિતના કામોમાં ઝડપ લાવવા અનુરોધ કર્યો હતો.



રિપોર્ટ : શેખ અબ્દુલ કાદિર

**દાહોદ જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટર યોગેશ નિરગુડેના નેતૃત્વમાં સંકલન બેઠક યોજાઈ હતી. જેમાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓ માટે ઓબ્ઝર્વરોને કેન્દ્રો પર હાજર રહી તકેદારી રાખવા જણાવાયું હતું. પરીક્ષા દરમિયાન વીજ પુરવઠો અને વાહન વ્યવહાર જળવાઈ રહે તે અંગે સૂચના અપાઈ હતી. ઉપરાંત, નલ સે જલ યોજનામાં કામ અધૂરું છોડનાર એજન્સીઓ સામે કડક કાર્યવાહીના સંકેત આપ્યા હતા. ખેતીવાડી વિભાગને પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા અને જળસંચયના કામો આગામી ૧ મે સુધીમાં પૂર્ણ કરવા કલેક્ટરે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.**

## સુરેન્દ્રનગર: આધુનિક ફાયર ફાઈટર વાહનોનુ ધારાસભ્યના હસ્તે લોકાર્પણ

**દૈનિક પલ્સ સમાચાર:** સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના સેવાકીય સાધનોમાં વધુ એક કડી ઉમેરતા આજે આધુનિક અગ્નિશમન વાહનોનું લોકાર્પણ સંપન્ન થયું હતું. વધતા જતા શહેરીકરણ અને સુરક્ષાના પડકારોને પહોંચી વળવા માટે મહાનગરપાલિકા તંત્ર દ્વારા આ આધુનિક ફાયર ફાઈટિંગ ટેન્ડરોની ખરીદી કરવામાં આવી છે. આ વાહનોના લોકાર્પણ માટે આયોજિત કાર્યક્રમમાં વઢવાણના ધારાસભ્ય જગદીશભાઇ મકવાણા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે પૂજન વિધિ કરી વાહનોનું લોકાર્પણ કર્યું હતું. આ મહત્વપૂર્ણ પ્રસંગે શહેર ભાજપના નેતૃત્વમાં પ્રમુખ દેવાંગભાઈ રાવલ અને મહામંત્રી જયભાઈ શાહ સહિત ભાજપ સંગઠનના અગ્રણીઓ જોડાયા હતા. વહીવટી તંત્ર તરફથી કમિશનર નવનાથ ગ્વાહાણે તેમજ ડેપ્યુટી કમિશનર કલ્પેશભાઈ ચૌહાણે ઉપસ્થિત રહી કાર્યક્રમનું સંચાલન સંભાળ્યું હતું. આ નવા અગ્નિશમન વાહનોમાં પાણીની વધુ ક્ષમતા અને ઊંચાઈ સુધી પહોંચી શકે તેવા અત્યાધુનિક પંપિંગ સિસ્ટમની સુવિધા છે. ધારાસભ્ય જગદીશભાઇ મકવાણાએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે, "નાગરિકોની સુરક્ષા એ અમારી પ્રાથમિકતા છે. આપત્તિના સમયે ઓછામાં ઓછા સમયમાં મદદ પહોંચે તે માટે સુરેન્દ્રનગર મહાનગરપાલિકા સતત કાર્યશીલ છે." નવા વાહનોના કાર્યરત થવાથી આગ લાગવાની ઘટનાઓમાં રાહત અને બચાવ કાર્ય ઝડપથી થઈ શકશે. આ આધુનિક સુવિધા મળતા શહેરના નાગરિકોમાં પણ આનંદની લાગણી જોવા મળી હતી.



રિપોર્ટ : ડી.જી.જાડેજા

## સોની વેપારીની હત્યાના વિરોધમાં સુરેન્દ્રનગરમાં આવેદનપત્ર

**દૈનિક પલ્સ સમાચાર:** મોરબીના સોની વેપારીની થયેલી હત્યાના મામલે આજે સુરેન્દ્રનગર સોની સમાજ રસ્તા પર ઉતર્યો હતો. તારીખ 19 ફેબ્રુઆરી 2026ના રોજ મોરબીમાં બનેલી આ દુખદ ઘટનાના વિરોધમાં સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. સોની સમાજના પ્રમુખ નટુભાઈ સોની, અશોકભાઈ મુળીવાળા અને અશોકભાઈ ચાંપાનેરીની આગેવાનીમાં મોટી સંખ્યામાં વેપારીઓ કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા. આવેદનપત્રમાં જણાવાયું હતું કે નજીવી બાબતે વેપારીની હત્યા કરવામાં આવે તે અત્યંત નિંદનીય છે. એસોસિયેશનના હરેશભાઈ સોની, શૈલેશભાઈ અને પૂર્વ કોર્પોરેટર સ્વાતિબેન માંડલિયા સહિતના અગ્રણીઓએ આક્રોશ વ્યક્ત કરતા કહ્યું કે, વેપારીઓ પર વધી રહેલા હુમલા અટકવા જોઈએ. સમાજના સભ્યોએ માંગ કરી છે કે આ કેસમાં ઝડપી તપાસ કરી આરોપીઓને ફાંસીની સજા અપાવવામાં આવે જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને.

**મોરબીમાં સોની વેપારીની નજીવી બાબતે થયેલી હત્યાના વિરોધમાં સુરેન્દ્રનગર સોની સમાજ દ્વારા આજે કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. સમાજના અગ્રણીઓએ આરોપીઓ સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની અને વેપારીઓને સુરક્ષા પૂરી પાડવાની ઉગ્ર માંગ કરી હતી.**




## સાગબારાની કેલ-૧ શાળાના ૬ વિદ્યાર્થીઓ સી.ઈ.ટી. પરીક્ષામાં સફળ

**દૈનિક પલ્સ સમાચાર:** શિક્ષણ ક્ષેત્રે આગળ વધી રહેલા નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાની કેલ-૧ પ્રાથમિક શાળા માટે ગૌરવના સમાચાર સામે આવ્યા છે. શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓએ સી.ઇ.ટી. (કોમન એન્ટ્રન્સ ટેસ્ટ) પરીક્ષામાં પોતાની પ્રતિભા સાબિત કરી છે. આ વર્ષે શાળામાંથી ૧૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે નોંધણી કરાવી હતી, જેમાંથી ૬ વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક લક્ષ્ય પ્રાપ્ત કર્યું છે. વિદ્યાર્થીઓની આ વિશિષ્ટ સિદ્ધિથી શાળા પરિવાર અને સમગ્ર ગામમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. શાળાના આચાર્ય શ્રી કલ્પેશભાઈ તડવીએ આ સફળતાનો શ્રેય શિક્ષકોની મહેનત અને વિદ્યાર્થીઓની ધગશને આપ્યો હતો. તેમણે ઉમેર્યું કે, ગ્રામીણ વિસ્તારમાં પાયાનું શિક્ષણ મજબૂત હોય તો વિદ્યાર્થીઓ કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળ થઈ શકે છે તેનું આ જીવંત ઉદાહરણ છે. વાલીઓના સતત સહકાર અને શિક્ષકોના સમયસરના માર્ગદર્શનને કારણે આજે કેલ-૧ શાળા નર્મદા જિલ્લામાં એક આદર્શ બનીને ઉભરી છે. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓએ સાબિત કર્યું છે કે મક્કમ નિર્ધાર અને મહેનતથી કોઈપણ સિદ્ધિ મેળવી શકાય છે. ગામના અગ્રણીઓએ પણ શાળાની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રોત્સાહિત કર્યા હતા. આચાર્યશ્રીએ તમામ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી અને આગામી વર્ષોમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ આવી પરીક્ષાઓમાં ભાગ લે તે માટે પ્રોત્સાહન પૂરું પાડવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.


રિપોર્ટ : પ્રભાતસિંહ બારીયા

## વડોદરાના ખોડિયારનગરમાં આંતરિક રોડ પરના ગેરકાયદે દબાણો તોડી પડાયા

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરના ખોડિયારનગર વિસ્તારમાં આજે સવારથી જ મ્યુનિસિપલ કોર્પોરેશનની દબાણ શાખાની કામગીરીને પગલે ભારે દોડધામ જોવા મળી હતી. ટાઉન પ્લાનિંગ વિભાગની સૂચના મુજબ, સાન્નિધ્ય ટાઉનશીપમાં આંતરિક રસ્તાઓ પર કરવામાં આવેલા ગેરકાયદે દબાણો પર બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું. ઘણી સોસાયટીઓમાં મકાનધારકો સુવિધાના નામે ઘરની બહાર વધારાના ઓટલા અને કંપાઉન્ડ વોલ બનાવી લેતા હોય છે, જે સાનિધ્ય ટાઉનશીપમાં પણ જોવા મળ્યું હતું. આ ગેરકાયદે બાંધકામોને કારણે સોસાયટીનો મુખ્ય આંતરિક રોડ સાંકળો થઈ ગયો હતો, જેનાથી ઇમરજન્સી વાહનો અને રહીશોની અવરજવરમાં અવરોધ ઉભો થતો હતો. આ મામલે સરકારના પોર્ટલ અને સીએમ ઓનલાઇન પર ફરિયાદ થતાં તંત્ર હરકતમાં આવ્યું હતું. ટાઉન પ્લાનિંગ વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, દબાણકર્તાઓને અગાઉ કાયદેસરની નોટિસ ફટકારવામાં આવી હતી અને દબાણ જાતે હટાવી લેવા માટે પૂરતો સમય આપવામાં આવ્યો હતો. તેમ છતાં મકાનધારકો દ્વારા કોઈ કાર્યવાહી ન કરાતા, આજે દબાણ શાખાની ટીમ જેસીબી અને ટ્રેક્ટર સાથે ત્રાટકી હતી. સાવચેતીના ભાગરૂપે સ્થાનિક પોલીસ સ્ટેશનનો કાફલો પણ સાથે રાખવામાં આવ્યો હતો જેથી કામગીરીમાં કોઈ અવરોધ ન આવે. પોલીસ કર્મચારીઓની હાજરીમાં એક પછી એક ગેરકાયદે ઓટલા અને દીવાલો તોડી પાડવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન કેટલાક રહીશોએ રજૂઆતો કરી હતી, પરંતુ કાયદેસરની પ્રક્રિયા હોવાથી દબાણો દૂર કરવાની કામગીરી અવિરત ચાલુ રહી હતી. આ કાર્યવાહીથી ટાઉનશીપના રસ્તાઓ હવે મૂળ સ્થિતિમાં ખુલ્લા થયા છે. આગામી દિવસોમાં પણ શહેરના અન્ય વિસ્તારોમાં સીએમ ઓનલાઇન હેઠળ આવેલી ફરિયાદો પર આવી જ કડક કાર્યવાહી થવાની સંભાવના.




**વડોદરા શહેરના ખોડિયારનગર વિસ્તારમાં આવેલી સાનિધ્ય ટાઉનશીપમાં મહાનગરપાલિકા દ્વારા દબાણ હટાવો ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. અનેક મકાનધારકોએ ઘરની બહાર ગેરકાયદે ઓટલા અને દીવાલો બનાવી આંતરિક રોડ સાંકળો કરી દીધો હતો. સરકારના ઓનલાઇન પોર્ટલ પર થયેલી ફરિયાદના આધારે ટાઉન પ્લાનિંગ વિભાગે અગાઉ નોટિસો આપી હતી, છતાં દબાણ ન હટતા આજે પોલીસની હાજરીમાં જેસીબી ફેરવી દબાણો તોડી પાડવામાં આવ્યા હતા. આ કામગીરીથી વર્ષો જૂની રસ્તાની સમસ્યાનો ઉકેલ આવ્યો છે.**

# કીર્તિ પટેલ ગેંગના ત્રાસથી યુ ટ્યૂબરે ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો

## કીર્તિ પટેલ ગેંગ સામે ખંડણીનો ગુનો: યુ ટ્યૂબરનો આપઘાત પ્રયાસ

**દૈનિક પલ્સ સમાચાર:** વિવાદોની પર્યાય બનેલી કીર્તિ પટેલ અને તેની ટોળકીએ હવે જૂનાગઢના એક યુવાનનો જીવ લેવાનો પ્રયાસ કર્યો હોય તેવી ગંભીર ઘટના સામે આવી છે. યુ ટ્યૂબર અબજલ સીડાએ કીર્તિ પટેલ અને તેના સાગરીતોના ત્રાસ અને 20 લાખની ખંડણીની માંગણીથી કંટાળી બે વાર ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો છે. આ ઘટનાને પગલે જૂનાગઢ પોલીસે કીર્તિ પટેલ, દિવ્યા સાવલાણી, જશપાલસિંહ, હનુ રાણાભાઈ અને વિરમ મેવાડા સામે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. વિવાદની વિગત એવી છે કે મહાશિવરાત્રિ મેળામાં કીર્તિ પટેલે સાધુના વેશમાં મૃગીકુંડમાં સ્નાન કરી સનાતન ધર્મ વિરુદ્ધ ટિપ્પણી કરી હતી, જેનો અબજલે વિરોધ કર્યો હતો. અબજલના વિરોધને કારણે કીર્તિના સોશિયલ મીડિયા વ્યુઅર્સ અને ફોલોઅર્સ ઘટી ગયા હોવાનું કહી કીર્તિ ગેંગે વળતર તરીકે 20 લાખની માંગણી કરી હતી. જો રૂપિયા ન આપે તો અબજલને બળાત્કારના ખોટા કેસમાં ફસાવી જિંદગી બરબાદ કરવાની ધમકી આપવામાં આવી હતી. આ માનસિક ટોર્ચર સહન ન થતા અબજલે જેતપુર પાસે ભાદર નદીના પુલ પર ફિનાઈલ પી લીધું હતું. સદનસીબે 108 દ્વારા તેને સમયસર હોસ્પિટલ પહોંચાડાયો હતો. બીજી બાજુ, આ કેસમાં આરોપી તરીકે નામ આવતા દિવ્યા સાવલાણીએ મીડિયા સમક્ષ આવી પોતે નિર્દોષ હોવાના રાગ આલાપ્યા હતા અને ત્યારબાદ ઈન્સ્ટાગ્રામ પર લાઈવ થઈ ફિનાઈલ પીવાનું નાટક કર્યું હતું. દિવ્યાએ આક્ષેપ કર્યો કે આ બધું કીર્તિ પટેલને બદનામ કરવાનું કાવતરું છે. જોકે, અબજલે પોલીસને સોંપેલા પુરાવાઓમાં કોન્ફરન્સ કોલ પર ધમકીઓ આપતી આ ટોળકીની અસલીયત સામે આવી છે. છેલ્લા સાત દિવસમાં કીર્તિ પટેલ સામે જૂનાગઢમાં આ ત્રીજો ગુનો છે, જે દર્શાવે છે કે આ ટોળકી કાયદાના ડર વગર સોશિયલ મીડિયા પર ગુંડાગીરી ચલાવી રહી છે. પોલીસ હવે લોકેશન અને વોટ્સએપ ચેટના આધારે ધરપકડની તૈયારી કરી રહી છે.



**સોશિયલ મીડિયા પર ગંદકી ફેલાવતી કીર્તિ પટેલ અને તેની ગેંગ સામે જૂનાગઢમાં આ અઠવાડિયે ત્રીજો ગુનો નોંધાયો છે. મૃગીકુંડ સ્નાન વિવાદમાં કીર્તિ વિરુદ્ધ વીડિયો બનાવનાર યુ ટ્યૂબર અબજલ સીડાને કીર્તિ, દિવ્યા સાવલાણી સહિત પાંચ શખ્સોએ 20 લાખની ખંડણી માટે ધમકાવ્યો હતો. ખોટા બળાત્કારના કેસમાં ફસાવવાની ધમકી મળતા ફફડી ઉઠેલા અબજલે બે વાર ફિનાઈલ પી લીધું હતું. આ મામલે પોલીસે મોબાઈલ રેકોર્ડિંગના આધારે તપાસ તેજ કરી છે. સામા પક્ષે આરોપી દિવ્યા સાવલાણીએ પણ ડ્રામેટિક રીતે ફિનાઈલ પી આક્ષેપો ફગાવ્યા છે.**

# રાજકોટમાં નશામાં ધૂત BRTS બસ ચાલકે અકસ્માત સર્જતા ધરપકડ

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટના 150 ફૂટ રિંગ રોડ પર મોડી સાંજે બનેલી અકસ્માતની ઘટનાએ સુરક્ષા સામે સવાલ ઉભા કર્યા છે. ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન સામે BRTS બસ નંબર જીજે.03.બીવાય.0847ના ચાલકે નશાની હાલતમાં બસ ચલાવી 30 ફૂટ વિસ્તારમાં ફેલાયેલી 11 રેલિંગ તોડી નાખી હતી. સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટ દેખાય છે કે બસચાલક પુરપાટ ઝડપે બસ હંકારી રહ્યો હતો અને અચાનક કાબૂ ગુમાવતા બસ ડિવાઈડર કૂદી રોડ પર આવી ગઈ હતી.

આ અકસ્માતમાં રસ્તા પર જતી સ્વિફ્ટ અને બોલેરો કારને નુકસાન થયું છે, જેમાં સ્વિફ્ટ કારનો તો કચરઘાણ નીકળી ગયો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. પોલીસે બસ ચાલક ધર્મેશ શીંગરાખિયાને કસ્ટડીમાં લઈ મેડિકલ ચેકઅપ કરાવ્યું હતું, જેમાં તેણે કેફી પ્રવાહી પીધું હોવાની પુષ્ટિ થઈ છે. આ મામલે ગાંધીગ્રામ પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ નશાનો ગુનો અને પબ્લિક પ્રોપર્ટીને નુકસાન કરવા બદલ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે. મનપા કમિશનર તુષાર સુમેરાએ આ મુદ્દે ગંભીરતા દાખવતા કહ્યું કે, અકસ્માત અંગે મનપાની ટીમ તપાસ કરી રહી છે. દોષિત એજન્સી કે ચાલક સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે. રાજકોટમાં સીટી બસ અને BRTS માટે બનાવવામાં આવેલી ગાઈડલાઈન્સનું ઉલ્લંઘન કરનારાઓને છોડવામાં આવશે નહીં.

## રાજકોટ: આપઘાત અને ઉઘરાણી મામલે હુમલાની ચાર ઘટના

રાજકોટમાં આજે આપઘાત અને હિંસાના કિસ્સાઓએ ચકચાર મચાવી છે. કોઠારીયામાં 21 વર્ષીય યુવાને જૂની પરીક્ષાના પરિણામની નિરાશામાં ગળેફાંસો ખાધો, તો રેલનગરમાં આર્થિક તંગી અને પત્ની સાથેની માથાકૂટ બાદ યુવાને અંતિમ પગલું ભર્યું હતું. હુમલાની ઘટનાઓમાં, ભગવતીપરામાં કમિશનના રૂપિયાની ઉઘરાણી મુદ્દે બે ભાઈઓ પર સ્કોર્પિયોમાં આવેલા શખ્સોએ છરીથી હુમલો કર્યો હતો. કુવાડવા પાસે પિતા-પુત્ર પર પ્રેમસંબંધના વેર અને રસ્તાના વિવાદમાં તલવારના ઘા ઝીંકાયા હતા. આ ઘટનાઓમાં ગંભીર ઇજાગ્રસ્તોને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે. પોલીસે આપઘાતના કિસ્સામાં અકસ્માત મોત અને હુમલાના કેસમાં રાયોટિંગ તેમજ હત્યાના પ્રયાસની કલમો હેઠળ તપાસ તેજ કરી છે.



'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના'

# જસદણના કનેસરા ગામે દીપડાનો આતંક, બે ઘાયલ

**દૈનિક પલ્સ સમાચાર:** જસદણ તાલુકાના કનેસરા ગામે આજે વહેલી સવારે વન્ય પ્રાણી દીપડાએ આતંક મચાવતા સમગ્ર પંથકમાં ભયનો માહોલ છવાઈ ગયો છે. ગામના પ્રસિદ્ધ જરીયા મહાદેવ મંદિર ખાતે પૂજારી અને એક ખેડૂત પર દીપડાએ જીવલેણ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. મળતી વિગતો અનુસાર, વહેલી સવારે જ્યારે વાતાવરણ શાંત હતું અને જરીયા મહાદેવ મંદિરના પૂજારી સવારની નિત્યપૂજા માટે મંદિરના પ્રાંગણમાં બહાર નીકળ્યા હતા, ત્યારે ઝાડીઓમાં છુપાઈને બેઠેલા દીપડાએ અચાનક તેમના પર હુમલો કરી દીધો હતો. આ સમયે પૂજારીને બચાવવા માટે નજીકમાં રહેલા એક ખેડૂત પણ દોડી આવ્યા હતા, પરંતુ દીપડાએ તેમને પણ શિકાર બનાવવાનો પ્રયાસ કરી ઇજા પહોંચાડી હતી. હુમલા બાદ પૂજારી અને ખેડૂતની બૂમાબૂમ સાંભળીને આસપાસના ખેતરોમાંથી લોકો દોડી આવ્યા હતા. બંને ઇજાગ્રસ્તોને તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં જસદણ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસ બાદ પૂજારીની હાલત નાજુક જણાતા અને શરીરે વધુ ઇજાઓ હોવાથી તેમને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. આ ઘટના બાદ કનેસરા ગામના લોકોમાં ભારે રોષ અને ડર જોવા મળ્યો હતો. મોટી સંખ્યામાં ગ્રામજનો લાકડીઓ અને હથિયારો સાથે એકઠા થયા હતા. લોકોએ હિંમત અને સૂઝબૂઝ બતાવી દીપડાને ચારેબાજુથી ઘેરી લીધો હતો અને આખરે તેને મંદિર પાસેની એક ઓરડીમાં પૂરવામાં સફળતા મેળવી હતી. દીપડો રૂમમાં કેદ થતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. વન વિભાગને આ અંગે જાણ કરવામાં આવતા કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો છે અને દીપડાને ટ્રાન્ક્વિલાઈઝ કરી પાંજરે પૂરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. સ્થાનિકોએ વન વિભાગ પાસે આ વિસ્તારમાં કાયમી પાંજરું મૂકવાની અને રાત્રિ પેટ્રોલિંગ વધારવાની માંગ કરી છે.




રિપોર્ટ : મનીષ રામાણી




# ડીસા રૂરલ પોલીસની મેગા ટ્રાફિક ડ્રાઈવ: 40થી વધુ ચાલકોને દંડ

**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠા જિલ્લાના ડીસા રૂરલ પોલીસ મથક દ્વારા માર્ગ સુરક્ષાને અગ્રતા આપીને ગ્રામ્ય વિસ્તારોના મુખ્ય રસ્તાઓ પર મેગા ટ્રાફિક ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. પી.આઈ. વી.એમ. ચૌધરીના સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે સ્પીડ ગન અને અન્ય સાધનો સાથે સઘન ચેકિંગ શરૂ કર્યું હતું. આ ડ્રાઈવનો મુખ્ય ઉદ્દેશ્ય બેફામ ગતિએ વાહન ચલાવતા ચાલકો પર લગામ કસવાનો હતો. તપાસ દરમિયાન સ્પીડ ગનમાં ઝડપાયેલા 40 થી વધુ ઓવરસ્પીડ વાહનચાલકો પાસેથી સ્થળ પર જ દંડ વસૂલવાની કાર્યવાહી કરવામાં આવી હતી. આ સાથે જ, જે વાહનોના કાચ પર સરકારી નિયમ વિરુદ્ધ બ્લેક ફિલ્મ લગાવવામાં આવી હતી, તે ફિલ્મોને પણ દૂર કરવામાં આવી હતી અને માલિકો સામે દંડનીય પગલાં લેવાયા હતા. હેલ્મેટ વિના બાઈક ચલાવતા યુવાનો અને નાગરિકોને અટકાવીને તેમને સુરક્ષાના મહત્વ વિશે સમજાવવામાં આવ્યા હતા અને દંડ ફટકારી ફરીથી નિયમ ભંગ ન કરવા સૂચના આપવામાં આવી હતી. ડીસા રૂરલ પોલીસની આ કાર્યવાહીથી હાઈવે પર થતા અકસ્માતોના પ્રમાણમાં ઘટાડો થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. આગામી દિવસોમાં પણ આ પ્રકારની ઝુંબેશ ચાલુ રાખવાની જાહેરાત પોલીસ દ્વારા કરવામાં આવી છે, જેથી વાહનચાલકો નિયમો પ્રત્યે સભાન બને.



રિપોર્ટ :ભાનુભાઈ પરમાર

# થરાદ ડ્રગ્સ કેસમાં એસઓજી પોલીસને સફળતા, મુખ્ય સૂત્રધાર ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠા જિલ્લાની એસઓજી પોલીસે થરાદના ખોડા ચેકપોસ્ટ વિસ્તારમાં મોટી કાર્યવાહી કરતા ડ્રગ્સ સપ્લાય ચેઇનના મુખ્ય સૂત્રધારને ઝડપી પાડ્યો છે. પકડાયેલ આરોપીની ઓળખ બાબુ ઉર્ફે ગોવિંદ તરીકે થઈ છે. આ ધરપકડ થરાદમાં ચાલી રહેલા ડ્રગ્સ વિરોધી અભિયાનની એક મહત્વની કડી માનવામાં આવે છે. આ કેસની શરૂઆત થોડા દિવસ પહેલા થઈ હતી જ્યારે પોલીસે તપાસ દરમિયાન 2.320 ગ્રામ ડ્રગ્સ સાથે બે શખ્સોની ધરપકડ કરી હતી. તે સમયે પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે બાબુ ઉર્ફે ગોવિંદ જ ડ્રગ્સના આ આખા વેપારનું સંચાલન કરી રહ્યો છે અને મુખ્ય સપ્લાયર છે. આ માહિતીના આધારે એસઓજીની ટીમે ખોડા ચેકપોસ્ટ પાસે સર્વેલન્સ ગોઠવ્યું હતું અને આરોપીને તેની કાર સાથે દબોચી લીધો હતો. હાલમાં પોલીસે આરોપીની કાર જપ્ત કરી છે અને તેની સઘન પૂછપરછ હાથ ધરી છે. પોલીસને આશંકા છે કે બાબુ ઉર્ફે ગોવિંદ આંતરરાજ્ય ડ્રગ્સ માફિયાઓ સાથે પણ સંપર્કમાં હોઈ શકે છે. થરાદ પોલીસ અને એસઓજી સંયુક્ત રીતે આ નેટવર્કના મૂળ સુધી પહોંચવા અને આ ધંધામાં સંડોવાયેલા અન્ય નાના-મોટા પેડલર્સને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

**રિપોર્ટ :ભાનુભાઈ પરમાર**

## રાજકોટ: કોંગ્રેસ કાર્યાલયના ઘેરાવે ભાજપ-કોંગ્રેસ બાખડ્યા

રાજકોટના જિલ્લા પંચાયત ચોક ખાતે આજે રણમેદાન જેવી સ્થિતિ સર્જાઈ હતી. દિલ્હીમાં કોંગ્રેસ દ્વારા AI સમિટના વિરોધના મુદ્દે ભાજપે રાહુલ ગાંધી સામે મોરચો માંડ્યો છે. ભાજપના 50 થી વધુ કાર્યકરોએ કોંગ્રેસ કાર્યાલયને ઘેરવાનો પ્રયાસ કરતા પોલીસ અને કાર્યકરો વચ્ચે ઝપાઝપી થઈ હતી. એક તરફ 'રાહુલ ગાંધી હાય હાય' ના નારા લાગ્યા તો બીજી તરફ NSUI એ વડાપ્રધાનના પોસ્ટર સળગાવી વિરોધ કર્યો. ઘટનાસ્થળે હાજર પોલીસે તુરંત કાર્યવાહી કરી આગ ઠારી હતી અને ભાજપના અંદાજે 50 આગેવાનોની અટકાયત કરી હતી. ગઈકાલે પણ કિશાનપરા ચોક ખાતે રાહુલ ગાંધીનું પૂતળું બાળવામાં આવ્યું હતું, જેના પર કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે પોલીસ ભાજપના લોકો પર ગુનો દાખલ કરવામાં ભેદભાવ કરી રહી છે. શહેર કોંગ્રેસ પ્રમુખે ભાજપને પડકાર ફેંક્યો છે કે બીજીવાર કોંગ્રેસ કાર્યાલય પર આવવાની હિંમત ન કરવી. આઝાદીના ઇતિહાસ અને બલિદાનના મુદ્દે કોંગ્રેસે ભાજપને ઘેરીને આક્ષેપ કર્યો કે ભાજપના લોકો માત્ર ચાપલૂસી જાણે છે. હાલમાં રાજકોટમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે પરંતુ બંને પક્ષો વચ્ચેની શાબ્દિક લડાઈ હજુ પણ તેજ છે.

# વેસુ જમીન કૌભાંડ: બિલ્ડરનો સાગરીત પ્રતુલ પટેલ એરપોર્ટ પરથી ઝડપાયો

## સુરત જમીન કૌભાંડ: આરોપી પ્રતુલ પટેલની એરપોર્ટ પર ધરપકડ

**દૈનિક પલ્સ સમાચાર:** સુરતના વેસુ વિસ્તારની કરોડોની કિંમતની જમીન પચાવી પાડવાના હાઈપ્રોફાઈલ ગુનામાં સુરત પોલીસની આર્થિક ગુના નિવારણ શાખા (ઇકો સેલ) ને વધુ એક મોટી સફળતા મળી છે. લાંબા સમયથી વોન્ટેડ બિલ્ડર વિનુ માલવિયાના ખાસ સાગરીત પ્રતુલ પટેલની બેંગ્લોર એરપોર્ટ પરથી ઈમિગ્રેશન વિભાગે ધરપકડ કરી છે. આરોપી વિરુદ્ધ જારી કરાયેલા લુકઆઉટ સર્ક્યુલરના આધારે આ કાર્યવાહી કરવામાં આવી છે. આ કેસની વિગતો મુજબ, વેસુના પોશ વિસ્તારમાં રેવન્યુ સર્વે નં. 426 (નવા સર્વે નં. 311/2) વાળી અંદાજે 16,200 ચોરસ મીટરની કિંમતી જમીન આવેલી છે. આ જમીન શ્રી સોમ રિયાલિટી નામની પેઢી દ્વારા તેના મૂળ માલિકો પાસેથી કાયદેસર રીતે ખરીદવામાં આવી હતી. જોકે, આ જમીન પર નજર રાખનાર વિનુ હરીભાઈ માલવિયા અને પ્રતુલ અરવિંદભાઈ પટેલે તે પચાવી પાડવા માટે અત્યંત જટિલ ષડયંત્ર રચ્યું હતું. આરોપીઓએ જૂની તારીખના સ્ટેમ્પ પેપર મેળવી તેના પર બોગસ સાટાખત તૈયાર કર્યા હતા અને કલેક્ટરની મંજૂરી વિના કોર્ટમાં ખોટા સોગંદનામા રજૂ કરી ન્યાયતંત્રને અંધારામાં રાખવાનો પ્રયાસ કર્યો હતો. ખેડૂત રાજેશકુમાર સુભાષચંદ્ર પટેલ દ્વારા આ અંગે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ ફરિયાદના આધારે તપાસ કરી રહેલી ઇકો સેલે ગત અઠવાડિયે મુખ્ય આરોપી વિનુ માલવિયાની ધરપકડ કરી હતી. વિનુની ધરપકડ બાદ પ્રતુલ પટેલ વિદેશ ભાગી જવાની પેરવીમાં હતો. પરંતુ, પોલીસે તેની વિરુદ્ધ લુકઆઉટ સર્ક્યુલર જાહેર કરેલો હોવાથી બેંગ્લોર એરપોર્ટ પર ઈમિગ્રેશન તપાસ દરમિયાન તે ઝડપાઈ ગયો હતો.

સુરત પોલીસની ટીમ હવે પ્રતુલ પટેલનો કબજો મેળવી તેને સુરત લાવવાની તજવીજ હાથ ધરી રહી છે. આ ધરપકડ બાદ જમીન માફિયાઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે. પોલીસને આશંકા છે કે આ કેસમાં હજુ પણ અન્ય કેટલાક લોકોની સંડોવણી હોઈ શકે છે અને પ્રતુલની પૂછપરછમાં અનેક મહત્વની કડીઓ હાથ લાગી શકે છે.




**સુરતના પોશ વેસુ વિસ્તારમાં 16,200 ચોરસ મીટર જમીન પચાવી પાડવાના ષડયંત્રમાં વોન્ટેડ પ્રતુલ પટેલ અંતે ઝડપાઈ ગયો છે. કુખ્યાત લેન્ડગ્રેબર વિનુ માલવિયાના આ સાગરીત વિરુદ્ધ લુકઆઉટ સર્ક્યુલર જારી કરાયો હતો, જેના આધારે બેંગ્લોર એરપોર્ટ પરથી ઈમિગ્રેશન વિભાગે તેની ધરપકડ કરી છે. આરોપીઓએ બોગસ સાટાખત અને ખોટા સોગંદનામા રજૂ કરી કિંમતી જમીન હડપવાનો પ્રયાસ કર્યો હતો. સુરત પોલીસની ઇકો સેલ હવે આરોપીને સુરત લાવવાની તજવીજ કરી રહી છે. મુખ્ય આરોપી વિનુ માલવિયાની ગત અઠવાડિયે જ ધરપકડ થઈ હતી.**

# સુરત: યોગીચોકમાં અકસ્માત બાદ હોબાળો, લોકોએ યુવકને મેથીપાક આપ્યો

**દૈનિક પલ્સ સમાચાર:** સુરતના યોગીચોક વિસ્તારમાં શુક્રવારની રાત્રે અકસ્માત બાદ ભારે હોબાળો સર્જાયો હોવાની ઘટના સામે આવી છે. મોડી રાત્રે જ્યારે વિસ્તારમાં લોકોની અવરજવર હતી, ત્યારે અંદાજે 11:30 વાગ્યે એક રિક્ષાચાલકે બે થી ત્રણ વાહનોને અડફેટે લીધા હતા. આ અકસ્માત બાદ સ્થળ પર મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા. સામાન્ય રીતે અકસ્માત બાદ માફી માંગવાને બદલે, રિક્ષાચાલકે ત્યાં હાજર લોકો સાથે ઉદ્ધત વર્તન કરી માથાકૂટ શરૂ કરી હતી. ચાલકના આ વર્તનથી લોકોનો પિત્તો ગયો હતો અને ઉશ્કેરાયેલા ટોળાએ તેને મેથીપાક ચખાડ્યો હતો. સ્થિતિ એટલી હદે વણસી હતી કે લોકોએ શખ્સના કપડાં પણ ફાડી નાખ્યા હતા. આ બબાલને કારણે વિસ્તારમાં ટ્રાફિકજામ થઈ ગયો હતો અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ મામલે સરથાણા પોલીસ સ્ટેશનના પી.આઈ. બી.બી. કરપડાએ જણાવ્યું હતું કે, પોલીસને મળેલી માહિતી મુજબ બે બાઇક ચાલકો વચ્ચે બબાલ થઈ હતી, જે એક જ સમાજના હોવાથી આંતરિક રીતે સમાધાન થઈ ગયું હતું. જોકે, સોશિયલ મીડિયામાં રિક્ષાચાલકને માર મારતા જે વીડિયો વાયરલ થયા છે, તે બાબતને ધ્યાને રાખીને પોલીસ રિક્ષાચાલક અંગે તપાસ કરી રહી છે અને કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી છે.







# સુરત: શ્વાન કરડતા યુવતી ઘાયલ, હોસ્પિટલમાં સુવિધાનો અભાવ

**દૈનિક પલ્સ સમાચાર:** સુરત શહેરમાં રખડતા શ્વાનનો ત્રાસ દિવસેને દિવસે વકરી રહ્યો છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નિયંત્રણના ગમે તેટલા દાવા કરવામાં આવે, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ છે. પાંડેસરા વિસ્તારના તૃપ્તિ નગરમાં બનેલી એક ઘટનાએ તંત્રની પોલ ખોલી નાખી છે. અહીં 27 વર્ષીય રીટાબેન તડવી પર એક શ્વાને જીવલેણ હુમલો કરી તેને લોહીલુહાણ કરી દીધી હતી. મળતી માહિતી મુજબ, રીટાબેન વડોદરા ખાતેની હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવે છે અને હાલ સુરત પોતાની બહેનના ઘરે આવ્યા હતા. તેઓ જ્યારે નીચે બેસવા ગયા ત્યારે અચાનક એક શ્વાને તેમના પર હુમલો કરી હાથ-પગમાં બચકા ભરી લીધા હતા. આસપાસના લોકોએ દોડી આવી તેમને વધુ ઈજા થતા બચાવ્યા હતા. જોકે, અસલી મુસીબત તો સિવિલ હોસ્પિટલમાં જોવા મળી હતી.

જ્યારે માતા મંજુબેન અને પિતા દીકરીને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર લાવ્યા, ત્યારે ત્યાં એક પણ સ્ટ્રેચર ખાલી નહોતું. ઈજાગ્રસ્ત દીકરી ચાલી શકે તેમ ન હોવાથી માતા-પિતાએ વારાફરતી તેને પોતાના ખોળામાં તેડીને વોર્ડ સુધી લઈ જવી પડી હતી. આ દ્રશ્યો જોઈને હોસ્પિટલમાં હાજર સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયા હતા. શું કરોડોના ખર્ચે ચાલતી સિવિલ હોસ્પિટલમાં દર્દી માટે એક સ્ટ્રેચર પણ નથી? તેવો વેધક સવાલ ઉઠી રહ્યો છે.

પરિવારના આક્ષેપ મુજબ, આ શ્વાન પાળતુ છે અને તેના માલિકોને ફરિયાદ કરવા છતાં તેઓ ઉદ્ધત વર્તન કરે છે. કોર્પોરેશનમાં વારંવારની રજૂઆતો પણ બહેરા કાને અથડાઈ રહી છે. હાલમાં યુવતીને એન્ટી-રેબીસ વેક્સિન આપવામાં આવી છે. આ ઘટનાએ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની કામગીરી અને સિવિલ હોસ્પિટલની વ્યવસ્થા સામે મોટા પ્રશ્નાર્થ ચિહ્ન ખડા કર્યા છે.






# આગામી ગુરુવારથી બોર્ડની પરીક્ષાનો પ્રારંભ, રાજકોટમાં વહીવટી તૈયારીઓ પૂર્ણ

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી વાર્ષિક પરીક્ષાઓને હવે માત્ર પાંચ દિવસ બાકી રહ્યા છે. આગામી 26 ફેબ્રુઆરીથી શરૂ થતી આ પરીક્ષા માટે રાજકોટ જિલ્લા વહીવટીતંત્ર અને શિક્ષણ વિભાગ દ્વારા તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. પરીક્ષાના સંચાલન માટે ધોરણ 12ના પેપરો ગાંધીનગરથી લાવીને કરણસિંહજી હાઈસ્કૂલના સુરક્ષિત સ્ટોંગરૂમમાં રાખવામાં આવશે. અહીં 25 તારીખથી મુખ્ય કંટ્રોલ રૂમ પણ શરૂ થઈ જશે. બીજી તરફ, ચૌધરી હાઈસ્કૂલ ખાતેથી ધોરણ 10ના પ્રશ્નપત્રોનું વિતરણ સૌરાષ્ટ્ર-કચ્છના તમામ જિલ્લા મથકો પર શરૂ કરવામાં આવ્યું છે. પ્રશ્નપત્રોની ગોપનીયતા અને સુરક્ષા જળવાય તે માટે જીપીએસ ટ્રેકિંગ સિસ્ટમ ધરાવતા વાહનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

રાજકોટ જિલ્લાની વાત કરીએ તો, કુલ 80,248 વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસનાર છે. આ માટે ધોરણ 10ના 40 કેન્દ્રો, ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહના 6 અને સામાન્ય પ્રવાહના 19 મળી કુલ 65 કેન્દ્રો ફાળવવામાં આવ્યા છે. કુલ 323 બિલ્ડીંગોમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યભરમાં 15.28 લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે, જેને પગલે વહીવટીતંત્ર દ્વારા શાંતિપૂર્ણ અને ન્યાયી વાતાવરણ જાળવવા તમામ કડક વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.




# અમરેલીની દીકરી સેજલ રાઠોડે હાર્મોનિયમ વાદનમાં મેળવી ભવ્ય સફળતા

**દૈનિક પલ્સ સમાચાર:** અમરેલી જિલ્લાનું નામ કલા ક્ષેત્રે ફરી એકવાર રાજ્ય સ્તરે ગુંજતું થયું છે. સાવરકુંડલા તાલુકાના શ્રીભુવા ગામની કન્યા શાળામાં અભ્યાસ કરતી સેજલ મગનભાઈ રાઠોડે ઝોન કક્ષાના કલા ઉત્સવમાં હાર્મોનિયમ વાદન સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવીને સહુને ચોંકાવી દીધા છે. એક સામાન્ય પરિવારની અને ગ્રામીણ પૃષ્ઠભૂમિ ધરાવતી આ દીકરીની આંગળીએ એવા સૂર રેલાયા કે નિર્ણાયકો પણ પ્રભાવિત થઈ ગયા. આ સિદ્ધિ બદલ શાળા પરિવાર દ્વારા સેજલનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આચાર્ય હરેશભાઈ જેબલિયાએ જણાવ્યું કે, સેજલની મહેનત અને શિક્ષકોના માર્ગદર્શનનું આ મીઠું ફળ છે. ખાસ કરીને માર્ગદર્શક શિક્ષક શ્રી નિમાવત સુરેશભાઈ અને શ્રી સાદીયા પારુલબેને સેજલની કલાને યોગ્ય ઓપ આપ્યો હતો. હવે સેજલ રાજ્ય કક્ષાએ અમરેલી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરવા જઈ રહી છે. આ સફળતાથી માત્ર ગામ જ નહીં, પણ સમગ્ર અમરેલી જિલ્લો ગૌરવની લાગણી અનુભવી રહ્યો છે. સેજલની આ સિદ્ધિ સાબિત કરે છે કે જો તક અને માર્ગદર્શન મળે તો ગામડાની દીકરીઓ પણ કોઈપણ શિખર સર કરી શકે છે.




**અમરેલીના સાવરકુંડલાની સેજલ રાઠોડે ઝોન કક્ષાના કલા ઉત્સવમાં હાર્મોનિયમ વાદનમાં પ્રથમ ક્રમ મેળવી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. શ્રીભુવા કન્યા શાળાની આ વિદ્યાર્થીની હવે રાજ્ય કક્ષાએ પ્રતિનિધિત્વ કરશે. શાળા પરિવાર અને ગ્રામજનોએ આ સિદ્ધિને બિરદાવી સેજલને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી છે.**

# ધારીના ઝર ચેકડેમને સૌની યોજનામાં સમાવવા મુખ્યમંત્રીને લેખિત રજૂઆત

## ધારીના 8 ગામો માટે રાહત: ઝર ચેકડેમને સૌની યોજનામાં જોડવા રજૂઆત

**દૈનિક પલ્સ સમાચાર:** અમરેલી જિલ્લાના ધારી તાલુકાના ખેડૂતો અત્યારે પાણીની અછતનો સામનો કરી રહ્યા છે. વરસાદની ખેંચને કારણે ભૂગર્ભ જળના સ્તર નીચે જતા ખેતી અને સિંચાઈ માટે મુશ્કેલ પરિસ્થિતિ સર્જાઈ છે. આ મામલે ભારતીય જનતા પાર્ટીના સંગઠન મંત્રી દિનેશભાઈ કે. ચોડવડિયાએ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને લેખિત પત્ર પાઠવી ધારી તાલુકાના ઝર ચેકડેમને ગુજરાત સરકારની 'સૌની યોજના' (SAUNI Yojana) હેઠળ નર્મદાના નીરથી ભરવાની પ્રબળ માંગ કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે, જો ઝર ચેકડેમમાં નર્મદાનું પાણી છોડવામાં આવે અને નદીમાં વહેણ ચાલુ થાય, તો આ વિસ્તારના આઠ ગામો - ઝર, ઝરપરા, મોરઝર, પરબડી, દહિડા, ઠોલરવા, મીઠાપુર (ડુંગરી) અને ચલાલાના હજારો ખેડૂતોને ફાયદો થશે. હાલમાં કૂવા અને બોરના પાણીના તળ સાવ નીચે બેસી જવાથી શિયાળુ પાક સુકાઈ જવાની તૈયારીમાં છે. જો સમયસર નર્મદાના પાણીની સુવિધા આપવામાં આવે તો ખેડૂતોનો પાક બચી શકે તેમ છે અને જમીનમાં પણ ભેજ જળવાઈ રહેશે. પત્રમાં વધુમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ઝર ચેકડેમ પર નદીમાં વાલની વ્યવસ્થા પહેલેથી જ છે, પરંતુ તંત્ર દ્વારા તે ખોલવા બાબતે લાંબા સમયથી ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે. અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં હજુ સુધી કોઈ પરિણામ આવ્યું નથી. આ બાબતે દિનેશભાઈએ માત્ર મુખ્યમંત્રી જ નહીં, પણ પાણી પુરવઠા મંત્રી, જિલ્લાના સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય જે.વી. કાકડીયા અને જિલ્લા ભાજપ પ્રમુખને પણ પત્રની નકલ મોકલી ખેડૂતોની વેદના વાચા આપી છે. ખેડૂત અગ્રણીઓએ પણ આ માંગણીને ટેકો આપતા જણાવ્યું છે કે આ વિસ્તારની લીલોતરી અને આર્થિક સમૃદ્ધિ માટે નર્મદાના નીર અનિવાર્ય છે. હવે જોવાનું એ રહેશે કે સરકાર ખેડૂતોના હિતમાં આ મહત્વપૂર્ણ નિર્ણય ક્યારે લે છે.



રિપોર્ટ : હાર્દિક ચંદારાણા

**ધારી તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં પાણીની અછતને જોતા ભાજપના સંગઠન મંત્રી દિનેશભાઈ કે. ચોડવડિયાએ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખી રજૂઆત કરી છે. તેમણે માંગ કરી છે કે ધારીના ઝર ચેકડેમને 'સૌની યોજના' હેઠળ આવરી લેવામાં આવે અને નર્મદાના નીરથી તેને ભરવામાં આવે. ઓછો વરસાદ હોવાથી કૂવા અને બોરના તળ નીચે ગયા છે. જો આ ચેકડેમ ભરાય તો ઝર, મોરઝર, ચલાલા સહિતના ૮ ગામોના ખેડૂતોને સીધો લાભ મળશે અને શિયાળુ પાક બચાવી શકાશે.**

# ભાજપ યુવા મોરચાએ અમદાવાદના ખાનપુરમાં રાહુલ ગાંધીનું પૂતળું બાળ્યું

**દૈનિક પલ્સ સમાચાર:** ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દ્વારા અમદાવાદના ઐતિહાસિક ખાનપુર વિસ્તારમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ ઉગ્ર દેખાવો કરવામાં આવ્યા હતા. રાહુલ ગાંધીના તાજેતરના નિવેદનોથી નારાજ ભાજપ યુવા મોરચાએ શહેરના વિવિધ વોર્ડના કાર્યકરોને એકઠા કરી વિરોધનું બ્યુગલ ફૂંક્યું હતું. ખાનપુર ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં કાર્યકરોએ રાહુલ ગાંધીનું પૂતળું બનાવી તેને આગ ચાંપી હતી. પૂતળાદહન દરમિયાન કાર્યકરોમાં ભારે ઉત્સાહ અને રોષ જોવા મળ્યો હતો. ભાજપ યુવા મોરચાના નેતાઓએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, રાહુલ ગાંધી વારંવાર વિદેશી ધરતી પર જઈને અથવા જાહેર મંચ પરથી દેશની છબી ખરડાય તેવા નિવેદનો આપે છે, જે ભારતનો યુવાન ક્યારેય સહન કરશે નહીં. વિરોધ પ્રદર્શન દરમિયાન સુરક્ષા વ્યવસ્થા જળવાઈ રહે તે માટે કાર્યકરોને સમજાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં અમદાવાદ શહેર ભાજપ યુવા મોરચાના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ પૂતળાદહનની ઘટનાને પગલે કોંગ્રેસ અને ભાજપ વચ્ચે શાબ્દિક યુદ્ધ વધુ તેજ બનવાની શક્યતા છે. આગામી દિવસોમાં ભાજપ દ્વારા આ મુદ્દે રાજ્યવ્યાપી આંદોલન કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.


રિપોર્ટ : દિપેશ શ્રીમાળી




## સુરત: 50 હજાર માટે વેપારીનું અપહરણ, 5 આરોપી ઝડપાયા

સુરતના ગોડાદરામાં 20 ફેબ્રુઆરીએ બનેલી અપહરણની ઘટનાએ સુરક્ષા વ્યવસ્થા સામે સવાલ ઉભા કર્યા છે. ટેક્સટાઇલ પાર્સલ પેકિંગના વ્યવસાય સાથે સંકળાયેલા દીવાકર તિવારીનું તેના પૂર્વ ભાગીદાર પિયુષ અગ્રવાલે અપહરણ કરાવ્યું હતું. 50 હજાર રૂપિયાના લેણાં બાબતે ચાલી રહેલા વિવાદમાં પિયુષે દીવાકરને કાફે પર બોલાવી બળજબરીપૂર્વક કારમાં બેસાડી દીધો હતો.

ચોંકાવનારી વિગત એ છે કે અપહરણમાં વપરાયેલી કાળા રંગની સ્કોર્પિયો કાર પર 'કરણી સેના અધ્યક્ષ'નું લખાણ હતું. આરોપીઓ દીવાકરને પાંડેસરાના એક અવાવરૂ ખંઢેરમાં લઈ ગયા હતા, જ્યાં તેને ચપ્પુ બતાવી ઢોર માર મારવામાં આવ્યો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જોકે, ગોડાદરા પોલીસે બાતમી અને સીસીટીવીના આધારે ગણતરીના કલાકોમાં પાંચ આરોપીઓની ધરપકડ કરી વેપારીને હેમખેમ મુક્ત કરાવ્યો છે.

## લિંબાયત: મકાનની બાલ્કનીમાંથી માતા-પુત્રી નીચે પટકાઈ

સુરતના લિંબાયત વિસ્તારમાંથી માનવતા અને કુદરતી ચમત્કારના દૃશ્યો સામે આવ્યા છે. લિંબાયતના નિર્માણાધીન મકાનમાં બાલ્કનીમાં સુરક્ષા માટે રેલિંગ ન હોવાને કારણે એક મોટો અકસ્માત સર્જાયો હતો. એક મહિલા પોતાની નાની પુત્રી સાથે નવા બની રહેલા મકાનને જોવા ગયા હતા. તે દરમિયાન પુત્રી બાલ્કની પાસે ઉભી હતી ત્યારે સંતુલન ગુમાવતા તે નીચે પટકાઈ હતી. પોતાની માસૂમ પુત્રીને નીચે પડતા જોઈ માતાએ તેને પકડવા હાથ લંબાવ્યો અને તે પણ નીચે પટકાઈ હતી. સીસીટીવી કેમેરામાં કેદ થયેલા દૃશ્યોમાં જોઈ શકાય છે કે નીચે પટકાયાની ગણતરીની સેકન્ડોમાં જ પુત્રી અડીખમ ઊભી થઈ જાય છે અને પોતાની ઈજાની ચિંતા કર્યા વગર જમીન પર પડેલી માતાને ઊભી કરવા પ્રયાસ કરે છે. ધડાકાભેર અવાજ થતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. સદનસીબે બંનેને ગંભીર ઈજા થઈ નથી. આ ઘટનાએ ફરી એકવાર નિર્માણાધીન મકાનોમાં સુરક્ષા જાળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

## સુરત બિલ્ડર આપઘાત કેસમાં પૂનમ ભાદોરિયાની ધરપકડ

સુરતના બિલ્ડર તુષાર ઘેલાણી આપઘાત કેસમાં ઉમરા પોલીસે તેમની મહિલા મિત્ર પૂનમ ભાદોરિયા વિરુદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી તેને કસ્ટડીમાં લીધી છે. તુષાર ઘેલાણીના પરિવારે કરેલી રજૂઆત અને ઊંડી તપાસ બાદ પોલીસને પૂનમની સંડોવણીના પુરાવા મળ્યા છે.

પરિવારના આક્ષેપ મુજબ, પૂનમ ભાદોરિયા તુષારભાઈને છેલ્લા પંદર વર્ષથી બ્લેકમેલ કરતી હતી. તેણે બિલ્ડર પાસેથી દુકાનો અને અન્ય મિલકતો પડાવી લીધી હતી. તુષારભાઈ આ સંબંધોથી છુટકારો મેળવવા માંગતા હતા, પરંતુ બદનામીના ડરથી તેઓ લાચાર હતા. ખાસ કરીને દીકરીના લગ્નમાં પૂનમે હોબાળો કરવાની ધમકી આપી હતી, જે તેમના માટે અસહ્ય બની ગયું હતું. તુષારભાઈની પુત્રીએ ફરિયાદમાં જણાવ્યું છે કે તેના પિતાએ તેમની ભૂલ સ્વીકારી હતી અને જણાવ્યું હતું કે વેસુની એક સ્કૂલમાં પૂનમે ધમકી આપીને 50 ટકાની ભાગીદારી લખાવી લીધી હતી. આ સતત માનસિક ત્રાસ અને આર્થિક શોષણના કારણે તુષારભાઈએ આપઘાત કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.




# રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં મેગા ડીમોલેશન પૂર્વે પોલીસનું ચુસ્ત પેટ્રોલિંગ

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ મહાનગરપાલિકા અને પોલીસ તંત્ર દ્વારા જંગલેશ્વર વિસ્તારમાં સોમવારે થનારા મેગા ડીમોલેશન માટે કિલ્લાબંધી જેવો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા અને એડિશનલ સીપી મહેન્દ્ર બગરીયાના સીધા માર્ગદર્શન હેઠળ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. શનિવારથી જ ૨૫૦૦થી વધુ પોલીસ જવાનોએ જંગલેશ્વરમાં ધામા નાખ્યા છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, સુરક્ષા માટે માત્ર માનવ બળ જ નહીં પણ ટેકનોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. એસઓજીની ટીમો ડ્રોન કેમેરાની મદદથી સમગ્ર વિસ્તારનું નિરીક્ષણ કરી રહી છે. ખાસ કરીને કોઈ તોફાની તત્વોએ ગેરકાયદેસર રીતે પથ્થર કે અન્ય સાધનો એકઠા કર્યા છે કે નહીં તેની તપાસ કરવામાં આવી રહી છે. ક્રાઈમ બ્રાન્ચ અને એસઓજીના જવાનો ટીયરગેસ અને અત્યાધુનિક હથિયારો સાથે સ્ટેન્ડબાય મોડમાં છે. ડીસીપી હેતલ પટેલ અને વિવિધ પોલીસ મથકોના પીઆઈ સતત સ્થિતિનો તાગ મેળવી રહ્યા છે. પોલીસ દ્વારા સ્થાનિક આગેવાનો સાથે કરવામાં આવેલી સમજાવટના પ્રયાસો સફળ રહ્યા હોય તેમ લાગે છે, કારણ કે અત્યાર સુધી લોકોનો પૂરતો સહયોગ મળી રહ્યો છે. કોઈપણ અનિચ્છનીય ઘટનાને પહોંચી વળવા માટે શહેર પોલીસ સજ્જ છે અને સોમવારે ડીમોલેશનની કામગીરી દરમિયાન ચુસ્ત બંદોબસ્ત રહેશે.


રિપોર્ટ : હાર્દિક ચંદારાણા

**રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં સોમવારે યોજાનાર મેગા ડીમોલેશનને પગલે પોલીસ તંત્ર એલર્ટ થયું છે. ૨૫૦૦થી વધુ જવાનોએ વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું. ડ્રોન અને આધુનિક હથિયારો સાથે પોલીસ કોઈ પણ અનિચ્છનીય બનાવને રોકવા માટે સજ્જ છે.**

# નડિયાદની પીજ ચોકડી પાસેથી બકરા ચોરીનો વોન્ટેડ આરોપી ઝડપાયો છે.

**દૈનિક પલ્સ સમાચાર:** ખેડા-નડિયાદ SOG એ રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં બકરા ચોરીના ગુનામાં સંડોવાયેલા એક વોન્ટેડ આરોપીને પીજ ચોકડી પાસેથી ઝડપી લેવામાં સફળતા મેળવી છે. પોલીસ ઇન્સ્પેક્ટર ડી.એન. ચુડાસમાના માર્ગદર્શન હેઠળ એસઓજીની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે તેમને બાતમી મળી હતી કે, બકરા ચોરીના અનેક ગુનામાં વોન્ટેડ એવો પરસોત્તમ ઉર્ફે પાસો પુંજાભાઈ તલપદા નડિયાદ આસપાસ ફરી રહ્યો છે. આ બાતમીના આધારે ટીમે પીજ ચોકડી પાસે ફિલ્ડિંગ ગોઠવી હતી અને આરોપીને સફળતાપૂર્વક પકડી પાડ્યો હતો.

આરોપી પરસોત્તમ નડિયાદના દિનશાનગર વિસ્તારનો રહેવાસી છે. તેની પૂછપરછ દરમિયાન ચોંકાવનારી વિગતો સામે આવી હતી કે તે જામનગરના જોડિયામાં વર્ષ ૨૦૨૫માં નોંધાયેલા બે અલગ-અલગ બકરા ચોરીના કેસ અને ભાવનગરના બગદાણામાં નોંધાયેલા એક કેસમાં લાંબા સમયથી વોન્ટેડ હતો. આ ઓપરેશનમાં પીએસઆઈ એસ.વી. ગોસ્વામી, એએસઆઈ ધર્મપાલસિંહ અને પોલીસ કોન્સ્ટેબલ કુલદીપસિંહ સહિતના સ્ટાફે મહત્વની ભૂમિકા ભજવી હતી. પોલીસે આરોપીની BNSS ની કલમ ૩૫(૧) મુજબ ધરપકડ કરી આગળની કાનૂની કાર્યવાહી શરૂ કરી છે. આ ધરપકડથી બકરા ચોરીના ત્રણ મુખ્ય ગુનાઓનો ભેદ ઉકેલાયો છે અને આ ટોળકીમાં અન્ય કેટલા શખ્સો સામેલ છે તે દિશામાં પણ હવે તપાસ તેજ કરવામાં આવશે.


રિપોર્ટ : પ્રકાશ વાઘેલા

**ખેડા-નડિયાદ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) ને નાસતા ફરતા આરોપીઓને પકડવામાં સફળતા મળી છે. પીજ ચોકડી પાસેથી પરસોત્તમ ઉર્ફે પાસો પુંજાભાઈ તલપદાને ઝડપી પાડવામાં આવ્યો છે. આરોપીની પૂછપરછમાં જાણવા મળ્યું કે તે જામનગર જિલ્લાના જોડિયા પોલીસ મથકમાં બે અને ભાવનગરના બગદાણામાં એક એમ કુલ ત્રણ બકરા ચોરીના ગુનામાં વોન્ટેડ હતો. પોલીસ ઇન્સ્પેક્ટર ડી.એન. ચુડાસમાની રાહબરી હેઠળ ટીમે આ કાર્યવાહી કરી હતી. આરોપીએ ગુનાની કબૂલાત કરતા પોલીસે તેની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.**

# સુરત: સરકારી શાળામાં બાળકો પાસે મજૂરી, શિક્ષણ સમિતિની તપાસ

## સુરતની સરકારી શાળામાં બાળકો પાસે સફાઈ કરાવતા વીડિયોથી વિવાદ



**દૈનિક પલ્સ સમાચાર:** સુરત શહેરની એક સરકારી શાળામાંથી શિક્ષણ જગતને શરમાવે તેવા દ્રશ્યો સોશિયલ મીડિયા પર વાઇરલ થયા છે. જે બાળકો ઉજ્જવળ ભવિષ્યના સપના સાથે શાળાએ જાય છે, તેમની પાસે સફાઈ કામદારો જેવી મજૂરી કરાવવામાં આવતી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. વાઇરલ થયેલા વીડિયોમાં નાના ભૂલકાઓ શાળાના પટાંગણમાં ઝાડુ લગાવતા અને લોખંડની ગ્રીલ સાફ કરતા નજરે પડે છે. આ ઘટનાને લઈને સ્થાનિકો અને વાલીઓમાં વ્યાપક રોષ જોવા મળી રહ્યો છે. આ મામલે શાળાના આચાર્યએ લૂલો બચાવ કરતા જણાવ્યું કે, તેમનો ઉદ્દેશ્ય બાળકો પાસે મજૂરી કરાવવાનો નહીં પણ માત્ર સ્વચ્છતા પ્રત્યે સભાનતા લાવવાનો હતો. જોકે, આ ખુલાસો વાલીઓને ગળે ઉતર્યો નથી. વાલીઓનું કહેવું છે કે જો જાગૃતિ લાવવી હોય તો તેના માટે અન્ય શૈક્ષણિક રીતો છે, બાળકોને તડકામાં સફાઈ કામ સોંપવું તે યોગ્ય નથી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ રાજેન્દ્ર કાપડિયાએ આ ઘટનાની ગંભીરતાને જોતા તત્કાલ તપાસના આદેશ આપ્યા છે. તેમણે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું કે, "આ બાબત અત્યંત અયોગ્ય છે. સર્વ શિક્ષા અભિયાન હેઠળ દરેક શાળાને જાળવણી અને સફાઈ માટે વર્ષ દરમિયાન પૂરતી ગ્રાન્ટ આપવામાં આવે છે. તાજેતરમાં જ વિશેષ સફાઈ ગ્રાન્ટ પણ જાહેર કરવામાં આવી છે. આમ છતાં વિદ્યાર્થીઓ પાસે કામ કરાવવું એ નિયમોનું સરેઆમ ઉલ્લંઘન છે." શિક્ષણ સમિતિ દ્વારા નિરીક્ષકોની એક વિશેષ ટીમ તૈયાર કરવામાં આવી છે જે શાળા પર જઈને વિગતવાર અહેવાલ તૈયાર કરશે. આ રિપોર્ટના આધારે જવાબદાર આચાર્ય અને શિક્ષકો સામે કડક શિક્ષાત્મક પગલાં ભરવામાં આવશે. વધુમાં, સુરત શહેરની તમામ સરકારી શાળાઓ માટે એક નવો પરિપત્ર જાહેર કરવામાં આવશે, જેમાં સ્પષ્ટ સૂચના અપાશે કે કોઈપણ સંજોગોમાં શૈક્ષણિક પ્રવૃત્તિ સિવાય બાળકો પાસે અન્ય કોઈ કામ કરાવી શકાશે નહીં. આ કડક પગલાંનો હેતુ ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન અટકાવવાનો છે.

**સુરતમાં વિદ્યાર્થીઓ પાસે ભણતરના બદલે મજૂરી કરાવવાની ઘટના સામે આવી છે. વાઇરલ વીડિયોમાં બાળકો શાળાના મેદાન અને ગ્રિલ સાફ કરતા દેખાયા હતા. આચાર્યએ તેને સ્વચ્છતા જાગૃતિનો ભાગ ગણાવ્યો છે, પરંતુ શિક્ષણ સમિતિએ તેને નિયમોનું ઉલ્લંઘન ગણાવ્યું છે. સમિતિના અધ્યક્ષ રાજેન્દ્ર કાપડિયાએ જણાવ્યું કે સફાઈ માટે પૂરતી ગ્રાન્ટ અપાય છે, છતાં બાળકો પાસે કામ કરાવવું અયોગ્ય છે. આ મામલે તપાસ કરી દોષિતો સામે શિક્ષાત્મક પગલાં લેવાશે.**

# અંકલેશ્વર: ઘરના ગુપ્ત ખાનામાં છુપાવેલો 20 કિલો ગાંજો ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ જિલ્લામાં નશીલા પદાર્થોના નેટવર્કને તોડવા માટે પોલીસ સતર્ક બની છે. "No Drugs in Bharuch Campaign" હેઠળ અંકલેશ્વર GIDC પોલીસ સ્ટેશનની ટીમે એક મોટી કાર્યવાહી પાર પાડી છે. પોલીસને બાતમી મળી હતી કે સારંગપુર વિસ્તારમાં આવેલી મીરાનગર પાછળની સોસાયટીમાં એક મહિલા દ્વારા માદક પદાર્થોનું વેચાણ અને સંગ્રહ કરવામાં આવે છે. આ બાતમીના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર આર.એચ. વાળાના નેતૃત્વમાં ટીમે ઓમનગરમાં આવેલા મકાન નંબર 1 પર રેડ કરી હતી. આ રેડ દરમિયાન 34 વર્ષીય જ્યોતિકુમારી દિપકકુમાર મંડલના કબજામાંથી 20 કિલોથી વધુ ગાંજાનો જથ્થો ઝડપાયો હતો. આરોપીએ પોલીસથી બચવા માટે બેડરૂમના કબાટમાં એક ગુપ્ત ખાનું તૈયાર કર્યું હતું, જ્યાં તે આ નશાકારક પદાર્થો છુપાવતી હતી. જપ્ત કરાયેલા ₹10,19,050/- ના મુદ્દામાલ સાથે પોલીસે મહિલાની ધરપકડ કરી છે. આ મામલે પોલીસે NDPS એક્ટ મુજબ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે કે આટલો મોટો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને શહેરના કયા વિસ્તારોમાં તેની સપ્લાય કરવામાં આવતી હતી. આ કાર્યવાહીમાં સંડોવાયેલા અન્ય ઇસમોને પકડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. ભરૂચ પોલીસના આ કડક વલણને કારણે નશાનો વેપાર કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.


રિપોર્ટ : શૈલેષ સોલંકી






# ભરૂચ: ઝાડેશ્વર ચોકડીએ ગુમ થયેલું બાળક પિતાને સોંપાયું

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ શહેર "સી" ડિવિઝન પોલીસ સ્ટેશનના જવાનોએ એકવાર ફરી 'પોલીસ પ્રજાનો મિત્ર' છે તે સૂત્રને સાર્થક કરતી કામગીરી કરી છે. ઝાડેશ્વર ચોકડી જેવા વ્યસ્ત વિસ્તારમાંથી રાત્રિના સમયે ગુમ થયેલા એક સાત વર્ષના માસૂમ બાળકને પોલીસે ખૂબ જ ટૂંકા સમયમાં શોધી કાઢી તેના પરિવારને સોંપ્યો હતો.

વિગત મુજબ, ૨૧ ફેબ્રુઆરીની રાત્રે રાજુભાઈ રાઠોડ તેમના પુત્ર આરવ સાથે ફૂટપાથ પર સૂઈ રહ્યા હતા. મધ્યરાત્રિએ આશરે એક વાગ્યે જ્યારે રાજુભાઈ જાગ્યા ત્યારે તેમણે જોયું કે તેમનો પુત્ર આરવ તેમની બાજુમાં નથી. ગભરાયેલા પિતાએ તાત્કાલિક આસપાસ તપાસ કરી પરંતુ બાળકની કોઈ ભાળ મળી નહીં. આ સમયે ભરૂચ પોલીસની સર્વેલન્સ ટીમ નાઈટ પેટ્રોલિંગમાં હતી, જેમનો સંપર્ક રાજુભાઈએ કર્યો હતો. બાળકના પિતાની રજૂઆતને પગલે પોલીસ ઇન્સ્પેક્ટર એન.આર. ચૌધરીએ તરત જ સક્રિય થઈ અલગ-અલગ ટીમો બનાવી શોધખોળ શરૂ કરવાના આદેશ આપ્યા હતા. પોલીસ મહાનિરીક્ષક સંદિપસિંહ અને જિલ્લા પોલીસ અધિક્ષક અક્ષયરાજ સાહેબના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમે ઝાડેશ્વર ચોકડી અને તેની આસપાસના તમામ CCTV કેમેરાના ફૂટેજ તપાસવાનું શરૂ કર્યું. ટેકનિકલ સર્વેલન્સ અને પોલીસના અનુભવને કારણે ખૂબ જ ટૂંકા ગાળામાં આરવની ભાળ મળી આવી હતી. પોલીસ ટીમે જ્યારે આરવને સુરક્ષિત રીતે તેના પિતાને સોંપ્યો ત્યારે પિતા ભાવ-વિભોર થઈ ગયા હતા અને તેમની આંખમાં હર્ષના આંસુ આવી ગયા હતા. તેમણે પોલીસની ત્વરિત અને સંવેદનશીલ કામગીરીની મુક્તકંઠે પ્રશંસા કરી હતી. આ સફળ કામગીરીમાં પીઆઈ એન.આર. ચૌધરી અને સર્વેલન્સ ટીમે ટીમવર્કનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ભરૂચ પોલીસની આ કામગીરીથી સમાજમાં સુરક્ષાનો અહેસાસ વધુ દ્રઢ થયો છે અને ગુમ થયેલા કે અપહરણ થયેલા ગુનાઓ શોધી કાઢવાની તેમની ક્ષમતા પર મોહર લાગી છે.



રિપોર્ટ : શૈલેષ સોલંકી






# પાલનપુરમાં આઈ.સી.ડી.એસ.ની ઝુંબેશથી ૧૯૩૪ કુપોષિત બાળકો સુપોષિત બન્યા

**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠાના પાલનપુર પંથકમાં આઈ.સી.ડી.એસ. વિભાગના પાલનપુર ઘટક-૧ અને ૨ દ્વારા કિશોરીઓ તથા બાળકોના સર્વાંગી સ્વાસ્થ્ય માટે એક વર્ષ સુધી ચાલેલી વિશેષ ઝુંબેશના ઉત્સાહજનક પરિણામો સામે આવ્યા છે. 'પૂર્ણા યોજના' અને 'સુપોષણ ઝુંબેશ' ના માધ્યમથી કુલ ૧૯૩૪ બાળકો કુપોષણ મુક્ત બન્યા છે. ભૂતેડી ગામે યોજાયેલા પૂર્ણા અવેરનેસ કાર્યક્રમમાં ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓને સ્વાસ્થ્ય તપાસ અને પૌષ્ટિક આહાર અંગે તબીબી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કિશોરીઓને પ્રોત્સાહિત કરવા માટે વિવિધ સ્પર્ધાઓ પણ યોજવામાં આવી હતી. આ ઝુંબેશની સૌથી મોટી વિશેષતા જનભાગીદારી રહી છે. અનેક સામાજિક સંસ્થાઓ અને દૂધ મંડળીઓ 'પાલક વાલી' તરીકે આગળ આવીને બાળકોને દત્તક લઈ તેમના પોષણની જવાબદારી સ્વીકારી હતી. આરોગ્ય વિભાગની RBSK ટીમે ૧૦૮ આંગણવાડીઓમાં બાળકોનું નિયમિત વજન અને ભૂખ પરીક્ષણ કરી તબીબી સારવાર પૂરી પાડી હતી. ગંભીર કુપોષિત બાળકોના વાલીઓને 'ટેક હોમ રાશન' અને પ્રોટીનયુક્ત ખોરાક રાંધવાની પદ્ધતિઓ સમજાવવામાં આવી હતી. પાલનપુર ઘટક-૧ માં જે પ્રકારે ૧૯૩૪ બાળકો સુપોષિત થયા છે, તે સમગ્ર જિલ્લા માટે પ્રેરણારૂપ બન્યું છે. સુપોષિત થયેલા બાળકોના વાલીઓને પોષણ કીટ આપીને પ્રોત્સાહિત કરાયા હતા, જેથી કુપોષણ મુક્ત બનાસકાંઠાના સંકલ્પને વધુ વેગ મળે.



રિપોર્ટ : વિશાલ ચૌહાણ

# વડાલીના થુરાવાસ ગામે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં રાત્રિ ગ્રામસભા યોજાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના નાગરિકોના પ્રશ્નોના ત્વરિત નિરાકરણ માટે વડાલી તાલુકાના થુરાવાસ ગામે જિલ્લા કલેક્ટર લલિત નારાયણ સિંઘ સાદુની અધ્યક્ષતામાં "રાત્રિ ગ્રામસભા" સંપન્ન થઈ હતી. વહીવટી તંત્ર સામાન્ય જનતાની વચ્ચે પહોંચીને તેમની મુશ્કેલીઓ સમજી શકે તે માટે આ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. સભાની શરૂઆતમાં ગ્રામજનોએ કલેક્ટર અને અન્ય અધિકારીઓનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ શરૂ થયેલા સંવાદમાં લોકોએ પાયાના પ્રશ્નો જેવા કે પીવાનું પાણી, આરોગ્ય સુવિધાઓ અને રસ્તાના કામો અંગે રજૂઆતો કરી હતી. કલેક્ટરે એક પછી એક પ્રશ્નો સાંભળી સંબંધિત અધિકારીઓને તેનો અહેવાલ તૈયાર કરવા અને સમયમર્યાદામાં નિરાકરણ લાવવા સૂચનાઓ આપી હતી. તેમણે વધુમાં જણાવ્યું કે સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવો અનિવાર્ય છે. આ રાત્રિ ગ્રામસભામાં જિલ્લા પોલીસ અધિક્ષક, જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી તેમજ મામલતદાર સહિતના અધિકારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. અધિકારીઓની આટલી મોટી હાજરીમાં ગ્રામજનોએ પણ ખુલ્લા મને પોતાની સમસ્યાઓ રજૂ કરી હતી. ગામના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ગ્રામવાસીઓએ આ સભામાં હાજરી આપી "લોકશાહીના આ પર્વ" માં ભાગીદાર બન્યા હતા. જિલ્લા કલેક્ટરના આ પ્રજાભિમુખ કાર્યક્રમથી થુરાવાસ ગામના અનેક પડતર પ્રશ્નો ઉકેલાશે તેવી આશા જાગી છે.


રિપોર્ટ : વિશાલ ચૌહાણ

# નીતિન નબીનનું અમદાવાદમાં બુથ સંમેલન: કોંગ્રેસ પર આકરા પ્રહાર

## ભાજપ અધ્યક્ષ નીતિન નબીનનો અમદાવાદમાં કાર્યકર્તા સંવાદ

**દૈનિક પલ્સ સમાચાર:** ભાજપના નવનિયુક્ત રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન હાલ ગુજરાતના પ્રવાસે છે. ૨૧ ફેબ્રુઆરીના રોજ અમદાવાદમાં તેમના પ્રવાસના બીજા દિવસે અનેક મહત્વના કાર્યક્રમો યોજાયા હતા. દિવસની શરૂઆત તેમણે સાબરમતી રિવરફ્રન્ટ અને અટલ બ્રિજની મુલાકાતથી કરી હતી, જ્યાં તેમણે નાગરિકો સાથે નાસ્તો કર્યો અને યુવાનો સાથે દેશના વિકાસ અને બજેટ અંગે ચર્ચા કરી હતી. ત્યારબાદ તેમણે નગરદેવી ભદ્રકાળીના આશીર્વાદ લીધા હતા. સાંજે જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે હજારોની મેદનીમાં બુથ કાર્યકર્તા સંમેલન યોજાયું હતું. આ મંચ પરથી નીતિન નબીને વિપક્ષ પર આકરા પ્રહાર કરતા જણાવ્યું કે, "આ આઝાદી અપાવનાર કોંગ્રેસ નથી, આ તો ઇટાલિયન કોંગ્રેસ છે જેણે આકાશથી પાતાળ સુધી માત્ર ગોટાળા જ કર્યા છે." તેમણે ભાજપ સરકારની પાયાની સુવિધાઓ જેવી કે આયુષ્માન કાર્ડ, શૌચાલય અને ગેસ કનેક્શનનો ઉલ્લેખ કરી તફાવત સ્પષ્ટ કર્યો હતો. નબીને રાહુલ ગાંધી પર 'અર્બન નક્સલવાદ' ફેલાવવાનો પણ આક્ષેપ કર્યો હતો. પ્રદેશ ભાજપના આગેવાન જગદીશ વિશ્વકર્માએ પણ આક્રમક તેવરમાં કહ્યું કે રાહુલ ગાંધીએ હવે ઈટાલી જતા રહેવું જોઈએ કારણ કે આગામી ૩૦ વર્ષ સુધી ભાજપનું શાસન અવિરત રહેશે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નીતિન નબીનને અભિનંદન પાઠવતા કહ્યું કે, ભાજપ એક એવી પાર્ટી છે જે કેડર બેઝ પર ચાલે છે અને અહીં સામાન્ય કાર્યકર્તાનું પણ સન્માન છે. તેમણે ગુજરાતના વિકાસમાં કાર્યકર્તાઓના ફાળાને સર્વોપરી ગણાવ્યો હતો. સંમેલન પૂર્ણ કર્યા બાદ નીતિન નબીન મણિનગર સંઘ કાર્યાલય પહોંચ્યા હતા, જ્યાં રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી.એલ. સંતોષ અને રત્નાકરની હાજરીમાં ગુપ્ત બેઠક યોજાઈ હતી. આ મુલાકાત આગામી ચૂંટણીઓની રણનીતિ અને સંગઠનને બુથ સ્તર સુધી સજ્જ કરવાના ભાગરૂપે અત્યંત મહત્વની માનવામાં આવી રહી છે.



**ભાજપના નવનિયુક્ત રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીને અમદાવાદમાં શક્તિ પ્રદર્શન કર્યું હતું. સવારે રિવરફ્રન્ટ અને અટલ બ્રિજની મુલાકાત બાદ તેમણે જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે વિશાળ બુથ કાર્યકર્તા સંમેલનમાં હાજરી આપી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા પણ હાજર રહ્યા હતા. નબીને કોંગ્રેસને 'ઇટાલિયન કોંગ્રેસ' ગણાવી ભ્રષ્ટાચારના આક્ષેપો કર્યા હતા, જ્યારે જગદીશ વિશ્વકર્માએ રાહુલ ગાંધી પર આકરા પ્રહાર કર્યા હતા. મુખ્યમંત્રીએ ભાજપને વિચારધારા આધારિત કેડર બેઝ પાર્ટી ગણાવી કાર્યકરોની મહેનતને બિરદાવી હતી.**

# ખેડબ્રહ્માની આર્ટસ અને કોમર્સ કોલેજમાં ભવ્ય ત્રિવિધ મહોત્સવ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** ખેડબ્રહ્મામાં અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત આર્ટસ અને કોમર્સ કોલેજ ખાતે ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ એક ગરિમાપૂર્ણ ત્રિવિધ મહોત્સવ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત સંસ્થાના વિવિધ વિભાગોને સમાજમાં મોટું પ્રદાન કરનાર મહાનુભાવોના નામ સાથે જોડવામાં આવ્યા હતા. કોલેજ સભાગૃહ હવે શેઠ અરવિંદ નરોત્તમ લાલભાઈના નામથી, ગ્રંથાલય શિક્ષણવિદ હરિહર શુક્લના નામથી અને આદિવાસી સંસ્કૃતિ કેન્દ્ર ભગવાનદાસ પટેલના નામથી ઓળખાશે. સંસ્થાના કાર્યાધ્યક્ષ જશુભાઈ પટેલે મહેમાનોનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત શેઠ સંવેગ લાલભાઈએ દાન અને સેવાના મહિમા વિશે હૃદયસ્પર્શી ઉદ્‌બોધન કર્યું હતું. તેમણે જણાવ્યું કે કોઈના આંસુ લૂછવા એ જ સાચું કર્મ છે અને આ સાથે તેમણે કોલેજના વિકાસ માટે ૩૦ લાખ રૂપિયાના દાનની મોટી જાહેરાત કરી હતી. મહોત્સવમાં ટ્રસ્ટી રસિકભાઈ પટેલે પણ ૧,૧૧,૧૧૧ રૂપિયાનું દાન આપી પોતાની કલાત્મક ચિત્રકારીનું પ્રદર્શન રજૂ કર્યું હતું, જે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ ઉપરાંત દલપતભારતી ગોસ્વામીએ સ્વ. વંદનાબેન ગોસ્વામીની સ્મૃતિમાં ૧૧,૧૧૧ રૂપિયાનું દાન અર્પણ કર્યું હતું. શિક્ષણ જગતના દિગ્ગજો અને સાહિત્યકારોની હાજરીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં પ્રિ. ડો. વી.સી. નિનામાએ આભાર વિધિ કરી હતી અને ડો. રોહિત દેસાઈ તથા હરપાલસિંહ ચૌહાણે સફળ સંચાલન કર્યું હતું.




રિપોર્ટ : વિશાલ ચૌહાણ




# બિલખા: નશામાં ક્રેટા ચલાવતા જૂનાગઢના શખ્સની અટકાયત

**દૈનિક પલ્સ સમાચાર:** જૂનાગઢ જિલ્લાના બિલખા પંથકમાં હાઈવે પર સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે હાથ ધરવામાં આવેલી તપાસમાં એક નશાખોર કાર ચાલક ઝડપાયો છે. બિલખા-બગસરા હાઈવે પર આવેલ બંધાળા ગામના પાટિયા પાસે જ્યારે તપાસ કરવામાં આવી રહી હતી, ત્યારે જૂનાગઢ તરફથી આવતી એક શંકાસ્પદ કાળા કલરની હ્યુન્ડાઈ ક્રેટા કાર (નંબર GJ 03 LM 5450) ને અટકાવવામાં આવી હતી. કારના ચાલક પ્રફુલભાઈ કાળુભાઈ સોની (રહે. ઝાંઝરડા રોડ, જૂનાગઢ) ની હાલત શંકાસ્પદ જણાતા ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન સ્પષ્ટ થયું કે પ્રફુલભાઈ કેફી પીણું પીધેલી હાલતમાં કાર ચલાવી રહ્યા હતા. તેમની પાસે નશો કરવા માટેની કોઈ પણ પાસ કે પરમિટ નહોતી. હાઈવે જેવા વ્યસ્ત માર્ગ પર નશાની હાલતમાં વાહન ચલાવવું એ પોતાની અને અન્ય વાહનચાલકોની જિંદગી જોખમમાં મૂકવા સમાન છે.

આ કાર્યવાહીમાં પોલીસે અંદાજે ૨,૫૦,૦૦૦ રૂપિયાની કિંમતની ક્રેટા કારને જપ્ત કરી છે. ઝડપાયેલા આરોપી વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી હાઈવે પર સર્જાતા અકસ્માતોમાં નશો કરીને વાહન ચલાવવાનું કારણ મુખ્ય હોવાનું સામે આવ્યું છે, ત્યારે આ પ્રકારની કાર્યવાહીથી બુટલેગરો અને નશાખોર તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસે મુદ્દામાલ કબજે કરી કાયદેસરની ડાયરી નોંધી છે અને આરોપીનો મેડિકલ રિપોર્ટ કરવાની તજવીજ પણ હાથ ધરી છે. આ મામલે આગળની તપાસ ચાલુ છે અને ટૂંક સમયમાં વધુ વિગતો સામે આવશે.




રિપોર્ટ આશિષ વસાવડા

# અમદાવાદ: આંગડીયાના લાખો રૂપિયાની બે અલગ-અલગ ચોરી

અમદાવાદમાં આંગડીયા પેઢીના નાણાંની હેરાફેરી કરતા વેપારીઓને નિશાન બનાવતી ગેંગ સક્રિય થઈ હોય તેમ જણાય છે. સોલામાં રહેતા વેપારી અલ્પેશ પટેલ સાયન્સ સીટી રોડ પરની પી.એમ. આંગડીયા પેઢીમાંથી ૨ લાખ રૂપિયા લઈને કારમાં નીકળ્યા હતા. કારગીલ પેટ્રોલ પંપ પાસે બાઈક સવારોએ તેમને ઉભા રાખવા ઈશારો કર્યો હતો, પરંતુ તેમણે કાર ઘર સુધી જવા દીધી. ઘરે પહોંચતા જ બાઈક પર આવેલા શખસોએ વાતોમાં ઉલઝાવ્યા અને તે દરમિયાન અન્ય શખસો કારના દરવાજામાંથી ૨ લાખની થેલી લઈ ફરાર થઈ ગયા.બીજી ઘટનામાં ઇસનપુરના મોહમ્મદ ખાલીદ એચ.આર. આંગડીયા પેઢીમાંથી ૪.૩૨ લાખ રૂપિયા લઈ સ્કૂટરની ડેકીમાં મૂકીને શાહઆલમ ગયા હતા. ત્યાં વાહન પાર્ક કરીને મિત્રની દુકાને ગયા તે દરમિયાન તસ્કરોએ ડેકી ખોલી નાણાંની ચોરી કરી હતી. સીસીટીવી ફૂટેજમાં એક શખસ ડેકી ખોલી નાણાં લેતો નજરે પડ્યો છે. આ બંને બનાવોમાં ભોગ બનનાર વેપારીઓએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી સીસીટીવી અને ટેકનિકલ સોર્સના આધારે આરોપીઓની શોધખોળ આદરી છે.

**સમાચાર તથા જાહેરાત આપવા સંપર્ક કરો : ૯૯૦૯૯૧૧૧૭૫**

# જૂનાગઢ અને ચલાલા વચ્ચે સોમવારથી નવી દૈનિક સ્પેશિયલ ટ્રેન શરૂ થશે.

**દૈનિક પલ્સ સમાચાર:** પશ્ચિમ રેલવેના ભાવનગર રેલવે મંડળે મુસાફરોની સુવિધામાં વધારો કરતા ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ સોમવારથી જૂનાગઢ-ચલાલા મીટરગેજ સ્પેશિયલ ટ્રેન શરૂ કરવાની જાહેરાત કરી છે. રેલવેના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ ટ્રેનના સમયપત્રક અંગે માહિતી આપતા જણાવ્યું કે, ટ્રેન નંબર ૦૯૨૯૧ જૂનાગઢથી સવારે ૧૦:૪૦ કલાકે ઉપડશે અને બપોરે ૨:૧૦ કલાકે ચલાલા પહોંચશે. જ્યારે ટ્રેન નંબર ૦૯૨૯૨ ચલાલાથી બપોરે ૨:૪૦ કલાકે પ્રસ્થાન કરી સાંજે ૫:૩૫ કલાકે જૂનાગઢ પરત આવશે. આ ટ્રેન માર્ગમાં આવતા તોરણિયા, બિલખા, જુની ચાવંડ, વિસાવદર, જેતલવડ, ભાડેર અને ધારી જેવા સાત સ્ટેશનો પર બંને દિશામાં ઉભી રહેશે. લાંબા સમયથી આ વિસ્તારના લોકો દ્વારા જૂનાગઢ સાથેની કનેક્ટિવિટી વધારવાની માંગ કરવામાં આવી રહી હતી. ખાસ કરીને વિસાવદર અને ધારી પંથકના મુસાફરો માટે આ ટ્રેન ખૂબ જ ઉપયોગી સાબિત થશે. મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માના જણાવ્યા અનુસાર, મુસાફરોની માંગ અને સુવિધાને અગ્રતા આપીને આ ટ્રેન શરૂ કરવામાં આવી છે. સ્પેશિયલ ભાડા સાથે શરૂ થતી આ ટ્રેનથી રેલવેની આવકમાં પણ વધારો થશે અને સ્થાનિક પ્રવાસનને પણ વેગ મળશે.



રિપોર્ટ આશિષ વસાવડા

# થરાદના મહાજનપુરામાં ભીષણ આગમાં એક હજાર જુવારના પૂળા ખાખ

**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના મહાજનપુરા ગામે આગની ઘટનામાં પશુપાલકને પાયમાલ કરી દીધો છે. મહાજનપુરામાં આવેલા મહારાજના મંદિર નજીક એક ખેતરમાં પશુઓના ઘાસચારા તરીકે રાખવામાં આવેલા જુવારના એક હજાર પૂળામાં ભીષણ આગ લાગી હતી. આ કમનસીબ ઘટનામાં મિનિટોમાં જ તમામ પૂળા બળીને રાખનો ઢગલો થઈ ગયા હતા.

આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ દેખાઈ રહ્યું છે. ખેતર પરથી પસાર થતી વીજ વાયરોમાં સર્જાયેલા શોર્ટ સર્કિટને કારણે પૂળામાં આગ લાગી અને જોતજોતામાં આખા જથ્થાને લપેટમાં લઈ લીધો. પશુપાલકે આ જુવારના પૂળા મહેનતની કમાણીમાંથી વેચાણથી લીધા હતા જેથી પશુઓના ખોરાકની વ્યવસ્થા કરી શકાય. પરંતુ કુદરતને કંઈક બીજું જ મંજૂર હતું. એક હજાર જેટલા પૂળા ખાખ થઈ જતાં ખેડૂતને મોટું આર્થિક નુકસાન પહોંચ્યું છે. ગ્રામજનોએ આગ ઓલવવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ સૂકું ઘાસ હોવાને કારણે આગ પર કાબૂ મેળવવો મુશ્કેલ બન્યો હતો. હાલમાં ખેડૂત પાસે પશુઓના ઘાસચારાની ગંભીર સમસ્યા ઉભી થઈ છે. પશુપાલકોની માંગ છે કે વીજ કંપની કે સરકાર આ મામલે યોગ્ય સર્વે કરી ખેડૂતને થયેલા આકસ્મિક નુકસાનમાં મદદ કરે.



રીપોર્ટ વશાભાઈ વાલડીયા

**થરાદના મહાજનપુરા ગામે ખેતરમાં રાખેલા જુવારના આશરે એક હજાર પૂળામાં ભીષણ આગ લાગતા અફરાતફરી મચી હતી. શોર્ટ સર્કિટના કારણે લાગેલી આ આગમાં તમામ ઘાસચારો બળીને ખાખ થઈ ગયો છે, જેનાથી પશુપાલક ખેડૂતને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.**

# અમદાવાદમાં કોમનવેલ્થ ગેમ્સ પૂર્વે ખાનગી બસોના પ્રવેશ પર પ્રતિબંધ




## અમદાવાદ: રિંગ રોડ બહાર બસો થોભશે, જનતા પરિવહન આશ્રિત

**દૈનિક પલ્સ સમાચાર:** સ્માર્ટ સિટી અમદાવાદમાં હવે બહારથી આવતી બસોનો પ્રવેશ ઈતિહાસ બની જશે. રાજ્ય સરકાર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ભેગા મળીને જે 'ભવ્ય' વિઝન રજૂ કર્યું છે તે મુજબ, ૨૦૩૦માં યોજાનાર કોમનવેલ્થ ગેમ્સ સુધીમાં તમામ લક્ઝરી અને એસટી બસોને શહેરની બહારના ભાગમાં જ અટકાવી દેવાશે. એસજી હાઈવે અને રિંગ રોડ જાણે લક્ષ્મણ રેખા બની જશે. મુસાફરોએ ત્યાંથી ફરજિયાતપણે મેટ્રો કે બીઆરટીએસ પકડવી પડશે. મંત્રી દર્શનાબેન વાઘેલાએ પર્યાવરણ અને ટ્રાફિકનું બહાનું કાઢીને જનતાને 'સપોર્ટ' કરવા અપીલ કરી છે, પરંતુ આ સપોર્ટના નામે સામાન્ય માનવીને ફેરા વધારવા પડશે તે નક્કી છે.

'AmdavadNXT' એક્ઝિબિશનમાં મેયર પ્રતિભા જૈને ૩૦૦૦ ઈ-બસોના આયોજનની વાત કરી, પરંતુ વર્તમાન ટ્રાફિક વ્યવસ્થા સાંભળવામાં નિષ્ફળ ગયેલું તંત્ર હવે બસો પર પ્રતિબંધ મૂકીને જવાબદારીમાંથી હાથ ઊંચા કરી રહ્યું છે. અગ્રસચિવ એમ. થેન્નારસન ૨૦૩૬ની ઓલિમ્પિક માટે એર ક્વોલિટી સુધારવાની વાત કરે છે, પણ સવાલ એ છે કે શું માત્ર બસો બંધ કરવાથી પ્રદૂષણ અટકશે? શહેરમાં લાખો ખાનગી વાહનોના કાફલાને રોકવાને બદલે જાહેર પરિવહનનો સૌથી મોટો સ્રોત એવી બસોને જ બહારનો રસ્તો બતાવી દેવાયો છે. કમિશનર બંછાનિધિ પાનીએ કલોલ-સાણંદને જોડતા આધુનિક ટ્રાન્ઝિટ સિસ્ટમના સપના બતાવ્યા છે, પરંતુ ગ્રાઉન્ડ રિયાલિટી એ છે કે પીક અવર્સમાં આજે પણ મેટ્રો અને બીઆરટીએસ હાઉસફુલ હોય છે. જો લાખો મુસાફરોને હાઈવે પર ઉતારીને આ સેવાઓ પર લાદવામાં આવશે, તો પરિસ્થિતિ વધુ ભયાનક બની શકે છે. 'નેટ ઝીરો' લક્ષ્યાંકના નામે લોકોની મુસાફરીને જોખમમાં મૂકતો આ પ્રોજેક્ટ આગામી સમયમાં વિવાદનું કારણ બનશે તે નિશ્ચિત છે. વિશ્વમાં નામ રોશન કરવાના નામે સ્થાનિક જનતાને પાયાની અગવડ આપતો આ પ્લાન ખરેખર કેટલો વ્યવહારુ છે?

**અમદાવાદને વર્લ્ડ ક્લાસ બનાવવાના સપના વચ્ચે મધ્યમ વર્ગની મુસાફરી મુશ્કેલ બનશે. કોમનવેલ્થ ૨૦૩૦ પહેલા ટ્રાફિક ઘટાડવા એસટી અને ખાનગી લક્ઝરી બસોના શહેરમાં પ્રવેશ પર કાતર ફેરવાશે. આ બસોને એસ.જી. હાઈવે અને રિંગ રોડ પર જ અટકાવી દેવાનું આયોજન છે. તંત્ર જનતાને જાહેર પરિવહન વાપરવા દબાણ કરી રહ્યું છે, પરંતુ લાસ્ટ માઈલ કનેક્ટિવિટીના અભાવે સામાન્ય નાગરિકો માટે આ આદેશ માથાના દુખાવા સમાન સાબિત થશે.**

# હિંમતનગર: કલેકટરની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના સર્વાંગી વિકાસ અને પ્રજાકીય સમસ્યાઓના ઉકેલ માટે હિંમતનગર કલેકટર કચેરી ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેકટર લલિત નારાયણ સિંઘ સાદુના વડપણ હેઠળ યોજાયેલી આ બેઠકમાં વહીવટી તંત્રના તમામ વિભાગોના વડાઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્ય વી.ડી. ઝાલાએ પોતાના મતવિસ્તારના પડતર પ્રશ્નો તેમજ લોકોની પાયાની જરૂરિયાતો અંગે અધિકારીઓનું ધ્યાન દોર્યું હતું. બેઠકમાં ખાસ કરીને ચોમાસા પૂર્વેની તૈયારીઓ, ગ્રામીણ રસ્તાઓના કામો અને સરકારી યોજનાઓના લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા અંગે મંથન કરવામાં આવ્યું હતું. જિલ્લા પોલીસ અધિક્ષક વિજયરાજસિંહ ગોહિલે પણ સુરક્ષા અને ટ્રાફિક જેવા મુદ્દે સૂચનો કર્યા હતા.

કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે સંકલન સમિતિ એ એક એવું માધ્યમ છે જ્યાં પ્રજાના પ્રતિનિધિઓ અને અધિકારીઓ સીધા સંવાદ કરી પ્રશ્નો ઉકેલી શકે છે. તેમણે તમામ વિભાગોને પરસ્પર સંકલન જાળવીને વિકાસના કામોને વેગ આપવા આદેશ આપ્યો હતો.

અધિકારીઓએ વિવિધ વિભાગોની કામગીરીમાં આવતી મુશ્કેલીઓ જણાવી હતી, જેના ઉકેલ માટે કલેકટર દ્વારા જરૂરી માર્ગદર્શન અપાયું હતું. આ બેઠકથી જિલ્લાના વહીવટી કાર્યમાં પારદર્શિતા અને ઝડપ આવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.







## ઓગણજ જમીન વિવાદ: બનાવટી ટેક્સ બિલ કૌભાંડમાં ફરિયાદ

અમદાવાદના ઓગણજ વિસ્તારમાં જમીન પચાવી પાડવા સાથે સરકારી દસ્તાવેજોના દુરુપયોગનો ગંભીર મામલો પ્રકાશમાં આવ્યો છે. વટવા વિસ્તારમાં રહેતા અને ટ્રેક્ટર કોન્ટ્રાક્ટનું કામ કરતા રમેશભાઈ ભરવાડે સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. રમેશભાઈએ જુલાઈ ૨૦૨૫માં ઓગણજમાં જમીન ખરીદી હતી, પરંતુ ચાણક્યપુરીના રહીશ રમેશ દેસાઈએ આ જમીન પચાવી પાડી હતી. આ વિવાદ વચ્ચે ચોંકાવનારી વિગત એ સામે આવી છે કે આરોપી રમેશ દેસાઈએ આ જમીન પર ઉત્તર ગુજરાત વીજ કંપનીમાંથી વીજળીનું કનેક્શન પણ મેળવી લીધું છે. જ્યારે અસલી જમીન માલિકે વીજ કંપનીની કચેરીમાં જઈને તપાસ કરી, ત્યારે જાણવા મળ્યું કે આરોપીએ પુરાવા તરીકે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)નું એક બનાવટી ટેક્સ બિલ રજૂ કર્યું હતું. ખોટા દસ્તાવેજો ઉભા કરી સરકારી તંત્રને છેતરવાના આ મામલે રમેશ ભરવાડે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આ મામલે છેતરપિંડી અને વિશ્વાસઘાતની કલમો હેઠળ ગુનો નોંધીને પુરાવા એકત્રિત કરવાની તજવીજ હાથ ધરી છે.

## ઊંઝા હાઈવે અકસ્માત: અમદાવાદના કુમાવત પરિવારના 5નાં મોત

ઉત્તર ગુજરાતના હાઈવે પર અકસ્માતોનો સિલસિલો યથાવત્ રહ્યો છે. ૨૧ ફેબ્રુઆરીની વહેલી સવારે ઊંઝા-મહેસાણા હાઈવે પર ઉનાવા નજીક એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અમદાવાદમાં રહેતો કુમાવત પરિવાર રાજસ્થાનમાં લગ્ન પતાવી ઘરે પરત ફરી રહ્યો હતો ત્યારે ઉનાવા પાસે તેમની ઇકો ગાડી બેફામ બની ડિવાઈડર સાથે અથડાઈ હતી.

અકસ્માત એટલો જોરદાર હતો કે ગાડીનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. ઘટનાસ્થળે જ રામલાલ કુમાવત, કોમલ કુમાવત, કૈલાશભાઈ અને ૪ વર્ષના નિર્દોષ બાળક આયુષનું મોત નીપજ્યું હતું. જ્યારે ગંભીર રીતે ઇજાગ્રસ્ત ૭૫ વર્ષીય મંથરાદેવીએ મહેસાણા સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. આ દુર્ઘટનામાં અન્ય પાંચ લોકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા છે, જેમને વધુ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. ખુશીના પ્રસંગે ગયેલા પરિવારમાં આ કરુણ ઘટનાથી માતમ છવાઈ ગયો છે.

## સાજિદ રબડી એન્કાઉન્ટર: હાઈકોર્ટે મેજિસ્ટ્રેટ તપાસને ગ્રાહ્ય રાખી

મહિસાગર જિલ્લાના લુણાવાડામાં ૨૦૧૮માં થયેલા સાજિદ રબડી એન્કાઉન્ટર કેસમાં ગુજરાત હાઈકોર્ટે પોલીસને મોટી રાહત આપી છે. ૪૮ ગુનાઓમાં સંડોવાયેલા સાજિદે એક ઘરમાં ઘૂસીને પરિવારને બંધક બનાવ્યો હતો. તેને રોકવા માટે કરવામાં આવેલા પોલીસ ફાયરિંગમાં તેનું મોત નીપજ્યું હતું. આ મામલે થયેલી મેજિસ્ટ્રેટ તપાસમાં પોલીસને નિર્દોષ જાહેર કરાઈ હતી, જેને પરિવારે હાઈકોર્ટમાં પડકારી હતી. હાઈકોર્ટે પરિવારની અરજી ફગાવતા જણાવ્યું કે, મેજિસ્ટ્રેટે તમામ પાસાઓની વિગતવાર તપાસ કરી છે. તપાસમાં સ્પષ્ટ થયું છે કે PSI એ તે સમયે ગંભીર સ્થિતિને જોતા બંધકો અને પોલીસ કર્મચારીઓના રક્ષણ માટે ગોળીબાર કર્યો હતો. કોર્ટે મેજિસ્ટ્રેટના અહેવાલને માન્ય રાખતા પોલીસને ક્લીનચીટ આપી છે. આ ચુકાદા સાથે લાંબા સમયથી ચાલી રહેલા એન્કાઉન્ટર વિવાદનો અંત આવ્યો છે.




# ઈડર પોલીસની કાર્યવાહી: ઈકો ગાડીમાંથી ₹3.20 લાખનો મુદ્દામાલ જપ્ત

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના ઇડર પંથકમાં પોલીસે દારૂની હેરાફેરીના નેટવર્ક પર પ્રહાર કર્યો છે. ઇડર સ્થાનિક પોલીસને મળેલી બાતમીના આધારે હાથ ધરાયેલા ઓપરેશનમાં પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસને ચોક્કસ માહિતી મળી હતી કે એક ઇકો ગાડી મારફતે વિદેશી દારૂનો જથ્થો પસાર થવાનો છે. આ માહિતીના આધારે ટીમ બનાવીને અલગ-અલગ પોઈન્ટ્સ પર વોચ ગોઠવવામાં આવી હતી. શંકાસ્પદ ઇકો ગાડી આવતા જ પોલીસે તેને કોર્ડન કરીને ઉભી રખાવી હતી. ગાડીની સઘન તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂની બોટલોનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી ₹૭૦,૦૦૦ની કિંમતનો દારૂ અને ઇકો ગાડી મળીને કુલ ₹૩.૨૦ લાખનો મુદ્દામાલ કબજે લીધો છે. પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે અને તેની પ્રાથમિક પૂછપરછમાં અન્ય કેટલાક નામો પણ સામે આવે તેવી શક્યતા છે. જોકે, પોલીસ આ કેસમાં કોઈ પણ કચાશ રાખવા માંગતી નથી અને ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. પકડાયેલા મુદ્દામાલ સાથે પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધીને આગળની તપાસની ધમધમાટ શરૂ કરી દેવામાં આવી છે. ઇડર પોલીસની આ સતર્કતાને કારણે દારૂની ગેરકાયદે પ્રવૃત્તિ કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.




# ઇડરના સર પ્રતાપ હાઈસ્કૂલ મેદાનમાં ભવ્ય સ્વદેશી મેળાનો રંગેચંગે પ્રારંભ કરવામાં આવ્યો.

**દૈનિક પલ્સ સમાચાર:** ઇડર નગરપાલિકા દ્વારા શહેરીજનો અને સ્થાનિક કારીગરોના હિતમાં એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. ૨૧ ફેબ્રુઆરીથી સર પ્રતાપ હાઈસ્કૂલના ખુલ્લા મેદાનમાં 'સ્વદેશી મેળા'નું ભવ્ય આયોજન કરાયું છે. રાજ્ય સરકારના 'લોકલ ફોર વોકલ' અભિયાનને વેગ આપવા માટે યોજાયેલા આ મેળામાં ઇડર અને આસપાસના વિસ્તારના કારીગરો પોતાની કલા-કૃતિઓ અને ચીજવસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કરી રહ્યા છે.

ધારાસભ્ય રમણલાલ વોરાના હસ્તે આ મેળાનો શુભારંભ થયો હતો. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ કાંતિભાઈ પટેલ, મામલતદાર અને વહીવટદાર પૂજા જોષી તેમજ ચીફ ઓફિસર જેમીન ચૌધરી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ દરેક સ્ટોલની મુલાકાત લઈ કારીગરોને પ્રોત્સાહિત કર્યા હતા. મેળામાં ઘર સજાવટની વસ્તુઓ, કપડાં અને સ્થાનિક બનાવટની અનેકવિધ ચીજો આકર્ષણનું કેન્દ્ર બની છે. ૨ માર્ચ સુધી ચાલનારા આ મેળામાં આવવા માટે શહેરીજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પહેલા જ દિવસે મોટી સંખ્યામાં લોકોએ મુલાકાત લઈને સ્વદેશી વસ્તુઓની ખરીદી કરી હતી.

નગરપાલિકા ચીફ ઓફિસર જેમીન ચૌધરીએ આ અંગે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, આ પ્રકારના આયોજનથી સ્થાનિક અર્થતંત્રને મજબૂતી મળે છે અને નાગરિકોમાં સ્વદેશી પ્રત્યે જાગૃતિ આવે છે.




**ઇડરના સર પ્રતાપ હાઈસ્કૂલ મેદાનમાં ૨૧ ફેબ્રુઆરીથી ભવ્ય 'સ્વદેશી મેળા'નો પ્રારંભ થયો છે. ધારાસભ્ય રમણલાલ વોરાના હસ્તે ખુલ્લા મુકાયેલા આ મેળામાં સ્થાનિક કારીગરોની ચીજવસ્તુઓ માટે લોકોએ પહેલા જ દિવસે ભારે ઉત્સાહપૂર્વક ખરીદી કરી 'લોકલ ફોર વોકલ' અભિયાનને સમર્થન આપ્યું હતું.**

# સ્માર્ટ મીટર લગાવવા ફરજિયાત હોવાનો કોઈ કાયદો કે કોર્ટનો હુકમ નથી

## સ્માર્ટ મીટર લગાવવા ફરજિયાત નથી: RTI માં થયો મોટો ખુલાસો




**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા અને અરવલ્લી સહિત સમગ્ર ગુજરાતમાં સ્માર્ટ મીટરને લઈને ચાલી રહેલા વિવાદમાં એક મોટો વળાંક આવ્યો છે. વીજ કંપનીઓ દ્વારા સ્માર્ટ મીટર નાખવાની કામગીરીને લઈને જનતામાં જે આક્રોશ હતો, તેને હવે કાયદાકીય પીઠબળ મળ્યું હોય તેવું જણાય છે. પોરબંદરના રાણાવાવના એક અરજદારે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (PGVCL) પાસે RTI દ્વારા માહિતી માંગતા ચોંકાવનારી વિગતો બહાર આવી છે. RTI ના જવાબ મુજબ, સ્માર્ટ મીટર લગાવવા ફરજિયાત છે તેવો કોઈ કાયદો કેન્દ્ર કે રાજ્ય સરકાર દ્વારા ઘડવામાં આવ્યો નથી. એટલું જ નહીં, દેશની સુપ્રીમ કોર્ટ કે રાજ્યની હાઈકોર્ટ દ્વારા પણ આવો કોઈ ચુકાદો આપવામાં આવ્યો નથી કે ગ્રાહકોએ ફરજિયાતપણે જૂના મીટર હટાવી નવા સ્માર્ટ મીટર લગાવવા જ પડશે. અત્યાર સુધી વીજ કર્મચારીઓ કાયદાનો ડર બતાવીને કે સરકારી આદેશનું બહાનું ધરીને ગ્રાહકોના ઘરે સ્માર્ટ મીટર ફીટ કરી રહ્યા હતા, પરંતુ હવે આ સત્યતા સામે આવતા વીજ કર્મચારીઓની 'દાદાગીરી' પર બ્રેક વાગે તેવી શક્યતા છે.

ગ્રાહકોનો મુખ્ય વિરોધ એ છે કે સ્માર્ટ મીટર આવ્યા પછી વીજ બિલમાં અચાનક મોટો ઉછાળો જોવા મળ્યો છે. રોજના ૩૦૦ રૂપિયા કમાતા શ્રમિકોને હજારો રૂપિયાના બિલ આવતા તેમના માટે ઘર ચલાવવું મુશ્કેલ બન્યું છે. RTI માં એ પણ સ્પષ્ટ થયું છે કે જો જૂનું મીટર કોઈ વિવાદ વગર અને નિયમિત રીતે ચાલુ હોય, તો તેને બદલવા માટે વીજ કંપની ગ્રાહક પર દબાણ કરી શકે નહીં. આ માહિતી સોશિયલ મીડિયા પર વાયરલ થતા વીજ ગ્રાહકોમાં નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. હવે ગ્રાહકો જાગૃત થયા છે અને પોતાની સંમતિ વિના સ્માર્ટ મીટર લગાવવા દેવા માટે તૈયાર નથી. આગામી દિવસોમાં વીજ કંપનીઓએ આ મામલે ફેરવિચારણા કરવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

**ગુજરાતભરમાં વીજ કંપનીઓ દ્વારા સ્માર્ટ મીટર નાખવાની કામગીરી સામે ગ્રાહકોનો ભારે આક્રોશ છે. ગરીબ પરિવારોને આવતા મસમોટા બિલને કારણે વિરોધ વંટોળ વ્યાપ્યો છે. આ દરમિયાન પોરબંદરના એક જાગૃત નાગરિકે કરેલી RTI ના જવાબમાં વીજ કંપનીએ સ્વીકાર્યું છે કે સ્માર્ટ મીટર લગાવવું ફરજિયાત હોય તેવો કોઈ કાયદો કે કોર્ટનો હુકમ અસ્તિત્વમાં નથી. જૂનું મીટર જો વ્યવસ્થિત ચાલતું હોય તો તેને બદલવાનો કોઈ કાયદાકીય આગ્રહ રાખી શકાય નહીં. આ માહિતી વાયરલ થતા હવે વીજ કર્મચારીઓની જોહુકમી સામે ગ્રાહકો અવાજ ઉઠાવી રહ્યા છે.**

# મોરબી હત્યા કેસ: ચોટીલા સોની સમાજ દ્વારા મામલતદારને આવેદનપત્ર

**દૈનિક પલ્સ સમાચાર:** મોરબીની જતીનભાઈ સુવર્ણકારની હત્યાની ઘટનાએ સમગ્ર ગુજરાતના સોની સમાજને હચમચાવી દીધો છે. આ ઘટનાના પડઘા હવે ચોટીલામાં પણ પડી રહ્યા છે. ચોટીલા સોની સમાજના વેપારીઓએ જતીનભાઈના પરિવારના સમર્થનમાં આજે બપોર પછી સ્વયંભૂ રીતે પોતાની દુકાનોના શટર પાડી દીધા હતા અને વિરોધમાં જોડાયા હતા. ચોટીલા મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર આપવા માટે ઉમટી પડેલા સોની સમાજના લોકોએ ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. રજૂઆત દરમિયાન જણાવવામાં આવ્યું હતું કે, એક નિર્દોષ યુવકની ધોળા દિવસે હત્યા કરી દેવામાં આવી છે, જે અત્યંત નિંદનીય છે. સમાજના લોકોએ માંગ કરી છે કે આ કેસમાં ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ટ્રાયલ ચલાવવામાં આવે અને ગુનેગારોને ફાંસી જેવી કડક સજા મળે. આ સાથે જ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા વધુ મજબૂત બનાવવાની પણ માંગ કરવામાં આવી હતી જેથી ભવિષ્યમાં કોઈ વેપારી કે નાગરિક પર આવા હુમલા ન થાય. સોની સમાજના યુવાનોએ જણાવ્યું હતું કે પરિવારના સભ્યની ખોટ ક્યારેય પુરી શકાય તેમ નથી, પરંતુ ન્યાય જ તેમને સાચી શ્રદ્ધાંજલિ હશે. આવેદનપત્ર પાઠવ્યા બાદ સમાજના લોકોએ શાંતિપૂર્ણ રીતે વિરોધ પ્રદર્શન ચાલુ રાખ્યું હતું.

**રિપોર્ટ : વિક્રમસિંહ જાડેજા**







## અમદાવાદ: જુહાપુરામાં ડમ્પરે યુવકને કચડ્યો, ઘટનાસ્થળે મોત

અમદાવાદના જુહાપુરા વિસ્તારમાં ફરી એકવાર બેફામ વાહને નિર્દોષનો ભોગ લીધો છે. ૨૧ ફેબ્રુઆરીને શનિવારે વહેલી સવારે ૨૨ વર્ષનો મુસ્તકીમ મોપેડ લઈને પસાર થઈ રહ્યો હતો ત્યારે કાળ બનીને આવેલા એક ડમ્પરે તેને કચડી નાખ્યો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે યુવકનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરુ ઉડી ગયું હતું. આ અકસ્માત બાદ જોતજોતામાં લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા.

તપાસ દરમિયાન જાણવા મળ્યું કે અકસ્માત સર્જનાર ડમ્પર પર આગળ કે પાછળ કોઈ નંબરપ્લેટ નહોતી. જુહાપુરા જેવા ગીચ વસ્તી ધરાવતા વિસ્તારમાં દિવસ દરમિયાન ભારે વાહનોને કેમ પ્રવેશ આપવામાં આવે છે તેવો સવાલ સ્થાનિકો ઉઠાવી રહ્યા છે. અગાઉ પણ આ મુદ્દે રજૂઆતો કરવામાં આવી હતી, છતાં તંત્રની આંખ ઉઘડતી નથી. ટ્રાફિક-પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી ડમ્પરચાલક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે નો-એન્ટ્રીના સમયમાં આ ભારે વાહન શહેરમાં કેવી રીતે પ્રવેશ્યું અને તેને કોની પરમિશન હતી.

## સરસપુર હિંસા: લગ્નપ્રસંગમાં મામલો બિચક્યો, 7 ની ધરપકડ

અમદાવાદના સરસપુર વિસ્તારમાં આવેલ વંદે માતરમ્ પાર્ટી પ્લોટમાં ગત રાત્રે લગ્નપ્રસંગમાં ભભૂકેલી હિંસાને પગલે તનાવનો માહોલ છે. રાત્રે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ જ્યારે લગ્નવિધિ ચાલી રહી હતી, ત્યારે ઊંચા અવાજે વાગતા ડીજેના કારણે સ્થાનિકો અને પ્રસંગમાં આવેલા લોકો વચ્ચે બોલાચાલી થઈ હતી. આ બોલાચાલીએ જોતજોતામાં ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું.

ઉશ્કેરાયેલા ટોળાએ પાર્ટી પ્લોટની બહાર પડેલા વાહનોમાં તોડફોડ કરી હતી અને અનેક વાહનોને નીચે પાડી દીધા હતા. મામલો એટલો બિચક્યો હતો કે બંને પક્ષે સામસામે પથ્થરમારો શરૂ થયો હતો. સ્થાનિકોના મતે કેટલાક લોકો હથિયારો સાથે પણ ધસી આવ્યા હતા. શહેરકોટડા પોલીસે ત્વરિત કાર્યવાહી કરી ૭ લોકોની અટકાયત કરી છે. જોકે, આ કાર્યવાહીના વિરોધમાં આજે મોટી સંખ્યામાં મહિલાઓ અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને "પોલીસ હાય હાય" ના બેનર સાથે ધરણાં પર બેસી ન્યાયની માંગ કરી હતી.

## અમદાવાદ: નવજાત બાળકની તસ્કરી કરનાર મહિલાને જેલહવાલે

અમદાવાદના કોતરપુર વિસ્તારમાં ગત જાન્યુઆરીમાં પોલીસે એક ગાડીને અટકાવી તપાસ કરતા બાળ તસ્કરીના મોટા રેકેટનો પર્દાફાશ થયો હતો. ગાડીમાંથી એક નવજાત બાળક મળી આવ્યું હતું, જેને ૩.૬૦ લાખમાં ખરીદવામાં આવ્યું હોવાનું ખુલ્યું હતું. આ કેસમાં પકડાયેલી આરોપી વંદના પંચાલે સીટી સેશન્સ કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી, જેને કોર્ટે ફગાવી દીધી છે. સરકારી વકીલ દ્વારા રજૂઆત કરાઈ હતી કે વંદના પંચાલ માત્ર એક આરોપી નથી પરંતુ એક આંતરરાજ્ય ગેંગની મુખ્ય કડી છે. તે ગુજરાતના અંતરિયાળ વિસ્તારોમાં જઈ ગરીબ પરિવારોને પૈસાની લાલચ આપી તેમના નવજાત બાળકો ખરીદતી હતી અને તેને અન્ય રાજ્યોમાં વેચી દેતી હતી. આ બાળક બનાસકાંઠાથી હૈદરાબાદ જતું હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે. વંદના સામે અગાઉ હૈદરાબાદમાં પણ આવા જ પ્રકારનો ગુનો નોંધાયેલો હોવાથી અને હજુ પણ ૬ આરોપીઓ ફરાર હોવાથી કોર્ટે જામીન આપવાનો ઈનકાર કર્યો છે. આ કેસમાં હજુ વધુ ચોંકાવનારા ખુલાસા થવાની સંભાવના છે.




# મુડેટીમાં સનાતન સંસ્કૃતિ અને સામાજિંક સમરસતાના પ્રતીક સમુ હિન્દુ સંમેલન

**દૈનિક પલ્સ સમાચાર:** ઇડરના મુડેટી ગામે ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ હિન્દુ સંમેલન સમિતિ મુડેટી મંડલ દ્વારા આયોજિત હિન્દુ સંમેલન સામાજિક જાગૃતિનું કેન્દ્ર બન્યું હતું. મુડેટી કોમ્યુનિટી હોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં સંતો-મહંતો અને સામાજિક અગ્રણીઓની ગરિમામય હાજરી જોવા મળી હતી. કાર્યક્રમમાં ભોલેશ્વર સેવા સંઘ વસાઈના પૂજ્ય સંત શ્રી શ્યામસુંદરદાસજી મહારાજ મુખ્ય અતિથિ તરીકે પધારી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. સંમેલનના મુખ્ય વક્તા નટુભાઈ પટેલ (રવિપુરાકંપા)એ પોતાના વક્તવ્યમાં હિન્દુ સમાજની એકતા અને સનાતન સંસ્કૃતિના મૂલ્યો વિશે ઊંડાણપૂર્વક સમજણ આપી હતી. સંમેલનની અધ્યક્ષતા ચેતનાબેન શુક્લએ કરી હતી, જ્યારે ઉપાધ્યક્ષ જયપ્રકાશભાઈ જોષી અને રમેશભાઈ પટેલ પણ મંચસ્થ રહ્યા હતા. આ કાર્યક્રમમાં મુડેટી સહિત પડોશી ગામડાઓમાંથી પણ ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સરપંચ દિનેશભાઈ દેસાઈ અને તેમની ટીમ દ્વારા કરાયેલા આયોજનમાં શિસ્ત અને ભવ્યતાના દર્શન થયા હતા. એકતાને નવી ઉર્જા આપવા અને સામાજિક સમરસતાના પ્રતીક તરીકે આ સંમેલન ખૂબ જ પ્રભાવશાળી રહ્યું હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌ કોઈએ સનાતન પરંપરાના જતન માટેના સંકલ્પો કર્યા હતા.




# કોટડાપીઠા: ધારાસભ્ય જનક તળાવીયાએ કર્યું પંચાયતનું ખાતમુહૂર્ત

**દૈનિક પલ્સ સમાચાર:** બાબરા તાલુકાના કોટડાપીઠા ગામ માટે આજનો દિવસ ઐતિહાસિક રહ્યો છે. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના નેતૃત્વમાં કોટડાપીઠામાં નવા ગ્રામ પંચાયત ભવનના નિર્માણનો માર્ગ મોકળો થયો છે. ગામની જૂની પંચાયત કચેરી ખખડધજ હાલતમાં હોવાથી કર્મચારીઓ અને અરજદારોને બેસવામાં પણ ડર લાગતો હતો. આ સમસ્યાના નિવારણ માટે ધારાસભ્યશ્રીએ રાજ્ય સરકારમાં યોગ્ય રજૂઆત કરી ₹૨૫ લાખની માતબર રકમ મંજૂર કરાવી હતી.

ખાતમુહૂર્ત પ્રસંગે ધારાસભ્ય જનકભાઈએ ગ્રામજનોને સંબોધતા કહ્યું કે, છેવાડાના ગામડાઓનો વિકાસ એ જ સરકારની પ્રાથમિકતા છે. નવા ભવનમાં તમામ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે જેથી ગ્રામજનોને સરકારી કામકાજ માટે સુવિધા મળે. ભાજપ અગ્રણી તુષારભાઈ રામાણીએ આ તકે ધારાસભ્યશ્રીના ઉત્સાહ અને પ્રજાલક્ષી અભિગમની પ્રશંસા કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે ધારાસભ્યના સતત સંપર્ક અને પ્રયાસોને કારણે જ આ કામ ઝડપથી શક્ય બન્યું છે. ખાતમુહૂર્ત વિધિમાં મોટી સંખ્યામાં ગ્રામજનો, પંચાયતના સભ્યો અને રાજકીય આગેવાનો જોડાયા હતા. આ કાર્યક્રમથી ગ્રામીણ ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો થશે અને સ્થાનિક વહીવટમાં પારદર્શિતા આવશે. કોટડાપીઠાના રહીશોએ ધારાસભ્યશ્રીની આ ભેટને વધાવી લીધી છે.




**અમરેલીના બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ ₹૨૫ લાખના ખર્ચે નવા ગ્રામ પંચાયત ભવનનું ખાતમુહૂર્ત કર્યું છે. વર્ષોથી જર્જરિત ભવનની સમસ્યા ઉકેલાતા ગ્રામજનોમાં આનંદ વ્યાપ્યો છે અને ધારાસભ્યશ્રીનો આભાર માનવામાં આવ્યો છે.**

# અમદાવાદ: એસપી રિંગ રોડ પર ડિવાઈડર કટ મુદ્દે જનતાનો ભારે આક્રોશ.




## અમદાવાદ: હિલ્લોક હોટલ પાસે ડિવાઈડર કટ મુદ્દે ટ્રાફિક જામ

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદનો એસપી રિંગ રોડ આજે યુદ્ધના મેદાનમાં ફેરવાઈ ગયો હતો. વહીવટી તંત્રની સંવેદનહીનતા અને ઔડાના દિશાહિન આયોજનના કારણે હજારો વાહનચાલકો અને સ્થાનિક રહીશોએ ભારે હાલાકી ભોગવવી પડી હતી. હિલ્લોક હોટલ પાસે ડિવાઈડર કટ બંધ કરી દેવાના નિર્ણયે ન્યુ ત્રાગડ અને ચાંદખેડાના હજારો પરિવારોની મુશ્કેલીમાં વધારો કર્યો છે. ૩ કિમી સુધીનો લાંબો ફેરો ખાવાની મજબૂરી સામે આજે લોકોનો આક્રોશ રસ્તા પર ઉતરી આવ્યો હતો.
ઝુંડાલ સર્કલથી વૈષ્ણોદેવી સર્કલ સુધીના બંને રસ્તાઓ બ્લોક કરી દેવાતા અંદાજે ૨ કલાક સુધી વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો. ૩ કિમી લાંબા જામમાં નિર્દોષ વાહનચાલકો અને એમ્બ્યુલન્સ ફસાઈ હતી. આટલી ગંભીર સ્થિતિ છતાં ઔડાના અધિકારીઓ સ્થળ પર ડોકાયા નહોતા. ઉલટાનું, જે પોલીસે જનતાના પ્રશ્નો સમજી તંત્ર સાથે સંકલન સાધવું જોઈએ, તે પોલીસે રસ્તા પર ઉતરેલા લોકો પર દંડા ઉગામ્યા હતા. પોલીસે બળપ્રયોગ કરી ટ્રાફિક ક્લિયર કરાવ્યો ખરો, પણ લોકોના મનમાં રહેલો રોષ વધુ પ્રજ્વલિત થયો છે. ઔડાનું કહેવું છે કે નાના ગરનાળામાંથી ટુ-વ્હીલર પસાર થઈ શકે છે, પરંતુ સવાલ એ છે કે ફોર-વ્હીલર ચાલકો માટે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કેમ નથી? શું જનતાના ટેક્સના પૈસા પર નભતું તંત્ર માત્ર કટ બંધ કરીને પોતાની જવાબદારી પૂર્ણ સમજે છે? ચાંદખેડા પોલીસ સ્ટેશનના પીઆઈ આહીરે આ મામલાને ટ્રાફિક પોલીસ અને ઔડાના માથે નાખીને હાથ અધ્ધર કરી દીધા છે. જો આગામી દિવસોમાં આ ડિવાઈડર કટ ખોલવામાં નહીં આવે, તો જનતા વધુ ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપી રહી છે. તંત્રની આ નિંભરતા કોઈ મોટી દુર્ઘટનાને નિમંત્રણ આપી રહી હોય તેવું સ્પષ્ટ જણાય છે

**અમદાવાદના એસપી રિંગ રોડ પર ઔડાના અણઘડ આયોજનના કારણે જનતા ત્રાહિમામ પોકારી ઉઠી છે. હિલ્લોક હોટલ પાસેનો ડિવાઈડર કટ ખોલાવવા ન્યુ ત્રાગડ અને ચાંદખેડાના લોકોએ રોડ બ્લોક કરી વિરોધ નોંધાવ્યો હતો. ૨ કલાક સુધી ૩ કિમી લાંબો ટ્રાફિક જામ સર્જાયો, જેમાં એમ્બ્યુલન્સ પણ ફસાઈ હતી. તંત્ર સામે રજૂઆત કરવા છતાં કોઈ ઉકેલ ન આવતા લોકો રસ્તા પર ઉતર્યા, તો બીજી તરફ સંવેદનહીન પોલીસે ઉકેલ લાવવાને બદલે લોકોને દંડા બતાવી ખસેડ્યા હતા.**

# શ્રી કમલમ્ ખાતે રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનજીનું ભવ્ય રંગોળીથી સ્વાગત

**દૈનિક પલ્સ સમાચાર:** ગાંધીનગરના 'શ્રી કમલમ્' ખાતે આજે રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નીતિન નવીનજીના ભવ્ય સ્વાગત સાથે ભાજપની સંગઠનાત્મક ગતિવિધિઓ તેજ બની છે. કાર્યાલય ખાતે પધારેલા રાષ્ટ્રીય નેતાનું સ્વાગત કરવા માટે સવારથી જ તૈયારીઓનો ધમધમાટ શરૂ થયો હતો. મુખ્ય આકર્ષણનું કેન્દ્ર પ્રદેશ કાર્યાલયના પ્રવેશદ્વાર પર બનાવવામાં આવેલી વિશાળ અને ભવ્ય રંગોળી હતી, જેમાં પક્ષની વિચારધારા અને નેતૃત્વ પ્રત્યેનો આદર વ્યક્ત થયો હતો. શ્રી નીતિન નવીનજીનું આગમન થતા જ "ભારત માતા કી જય" ના નાદ સાથે સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. તેમણે રંગોળી નિહાળી કાર્યકરોની કલા અને ઉત્સાહની પ્રશંસા કરી હતી. પ્રદેશ નેતૃત્વ દ્વારા તેમનું પરંપરાગત રીતે સન્માન કરવામાં આવ્યું હતું. આ મુલાકાતનો હેતુ આગામી ચૂંટણીઓ અને સંગઠન પર્વની સમીક્ષા કરવાનો હોવાનું મનાય છે. શ્રી કમલમ્ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં ધારાસભ્યો, સાંસદો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રકારના ભાવપૂર્ણ સ્વાગતથી રાષ્ટ્રીય નેતૃત્વ અને પાયાના કાર્યકરો વચ્ચેના અતૂટ સંબંધોની પ્રતીતિ થાય છે. મુલાકાતના અંતે શ્રી નવીનજી વિવિધ પાંખોના કાર્યકરોને સંબોધન પણ કરશે.


રિપોર્ટ : દિપેશ શ્રીમાળી




# ચિઠોડા ગ્રામ પંચાયતમાં ભ્રષ્ટાચાર: તલાટી સામે ઉગ્ર રોષ

**દૈનિક પલ્સ સમાચાર:** સરકારના 'ઝીરો ટોલરન્સ'ના દાવાઓ વચ્ચે ચિઠોડા ગામના તલાટી અંકિત માળવીયાએ ભ્રષ્ટાચારનો નવો અધ્યાય લખ્યો છે. તલાટી સાહેબને જાણે કાયદાનો કોઈ ડર જ નથી. ગ્રામસભામાં પસાર થયેલા ઠરાવોની નકલ માંગતા ગ્રામજનોને ધક્કા ખાવા પડી રહ્યા છે. આક્ષેપ છે કે તલાટી પોતાના હોદ્દા અને સંબંધોનો દુરુપયોગ કરી ભ્રષ્ટાચાર પર પડદો પાડી રહ્યા છે. પંચાયતના વિકાસ કામોમાં લોટ, પાણી અને લાકડા જેવી નીતિ અપનાવી નદીની માટીથી બાંધકામો કરી દેવાયા છે. તાલુકા વિકાસ અધિકારીના ખાસ ગણાતા કોન્ટ્રાક્ટર દ્વારા કરવામાં આવેલા આ કામોમાં તલાટીએ વગર કામ થયે ડુપ્લીકેટ બિલ્લો બનાવી નાણાં ઉપાડી લીધા છે. આ ગંભીર આર્થિક ગેરરીતિ સામે અનેકવાર લેખિત પુરાવા જિલ્લા કક્ષાએ રજૂ કરાયા હોવા છતાં તપાસના નામે માત્ર મીંડું છે. જિલ્લા વિકાસ અધિકારીની નિષ્ક્રિયતા પર પણ હવે આંગળીઓ ચીંધાઈ રહી છે. શું સત્તાના નશામાં ચૂર આ તલાટીને કોઈના આશીર્વાદ છે? ગ્રામજનોની એક જ માંગ છે કે આવા ભ્રષ્ટ વહીવટદારને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી તેની મિલકતોની તપાસ કરવામાં આવે.



**ચિઠોડા ગ્રામ પંચાયતના તલાટી અંકિત માળવીયાએ ભ્રષ્ટાચારની સીમા વટાવી છે. ડુપ્લીકેટ બિલ બનાવી નાણાકીય ગેરરીતિ કરવાના ગંભીર આક્ષેપો સાથે ગ્રામજનોએ મેદાનમાં ઉતરી તલાટીને તાત્કાલિક સસ્પેન્ડ કરી બદલી કરવાની માંગણી જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ કરી છે.**

# સેવાલિયા: ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલ શખ્સ જેલ ભેગો

**દૈનિક પલ્સ સમાચાર:** ગલતેશ્વર તાલુકાના સેવાલિયા પંથકમાં પશુઓની ગેરકાયદેસર હેરફેર અને ક્રૂરતા જેવી પ્રવૃત્તિઓ અટકાવવા માટે ખેડા જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ સક્રિય બન્યું છે. સેવાલિયા રેલ્વે સ્ટેશન નજીક રહેતા મોહસીન મહમદહનીફ કુરેશી નામના શખ્સ સામે અગાઉ ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ અને આઈપીસીની વિવિધ કલમો હેઠળ ગુનાઓ નોંધાયેલા હતા. તેની સતત ગુનાહિત પ્રવૃત્તિઓને રોકવા માટે પોલીસ દ્વારા પાસા (PASA) હેઠળ દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર અને મેજિસ્ટ્રેટ દ્વારા ગુનાની ગંભીરતાને જોતા પાસા વોરંટ મંજૂર કરવામાં આવ્યું હતું. આ આદેશના અમલીકરણ માટે સેવાલિયા પોલીસ ઇન્સ્પેક્ટર એ.આર. ઝાલાની ટીમે ત્વરિત કાર્યવાહી કરી ૧૯મી ફેબ્રુઆરીએ આરોપીને ઝડપી પાડ્યો હતો. ધરપકડ બાદ આરોપીને ભાવનગર જિલ્લા જેલ ખાતે મોકલી દેવામાં આવ્યો છે. આ કામગીરીમાં પોલીસ કોન્સ્ટેબલ અર્જુનસિંહ ફતેસિંહ અને ભરતભાઈ વિનોદભાઈએ મહત્વની ભૂમિકા ભજવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, વિસ્તારમાં શાંતિ અને સુરક્ષા જાળવવા માટે અસામાજિક તત્વો સામે આવી કડક કાર્યવાહી આગામી સમયમાં પણ ચાલુ રહેશે. **રિપોર્ટ : હસમુખભાઈ નાયક ખેડા,**

# ઠાસરાના ચીતલાવમાં ખનન માફિયા બેફામ; તંત્ર અને ભૂમાફિયાની મિલીભગત

**દૈનિક પલ્સ સમાચાર:** સરકારને સીધો પડકાર ફેંકતા ખનન માફિયાઓ હવે ખેડા જિલ્લાના ઠાસરા પંથકને કોતરી ખાઈ રહ્યા છે. ચીતલાવ ગામમાં શંકર પરમાર અને નટુ પરમાર નામના ભૂમાફિયાઓએ પર્યાવરણના કાયદાના લીરેલીરા ઉડાડ્યા છે. ૨૦૦ ફૂટ જેટલું ઊંડું ખોદકામ કરીને તેમણે કુદરતી આપદાને ખુલ્લું નિમંત્રણ આપ્યું છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે, જેમના પર ખનીજ ચોરી રોકવાની જવાબદારી છે, તેવા અધિકારી સચિન પટેલ પોતે જ માફિયાઓના રક્ષક બન્યા હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. ફરિયાદીના જણાવ્યા મુજબ, એક મહિનામાં સાત વખત અધિકારીઓ આવ્યા છતાં એક પણ મશીન પકડાયું નથી. આ પાછળનું કારણ ડ્રાઈવર અંકિત હોવાનું કહેવાય છે, જે માફિયાઓને સરકારી હિલચાલના પળેપળના લોકેશન મોકલે છે. હદ તો ત્યારે થઈ જ્યારે ગાંધીનગર ફ્લાઈંગ સ્ક્વોડના અધિકારી ચાવડા સાહેબને ટેલિફોનિક જાણ કરી હોવા છતાં તેઓ પણ ત્રણ દિવસથી માત્ર વાયદાઓ જ આપી રહ્યા છે. જો આ અધિકારીઓના મોબાઈલના ડેટા અને વોટ્સએપ ચેટની તપાસ કરવામાં આવે, તો ભ્રષ્ટાચારનો મસમોટો પહાડ બહાર આવી શકે છે. કલેક્ટર અને ઉચ્ચ તંત્રની મૌન સહમતી ખનીજ ચોરોને પ્રોત્સાહન આપી રહી હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.


રિપોર્ટ : હસમુખભાઈ નાયક

# નડિયાદમાં સાંસદ અને કલેક્ટરની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન સમિતિની બેઠક

**દૈનિક પલ્સ સમાચાર:** નડિયાદ ખાતે જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણની ગરિમામય ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં ખેડા જિલ્લાના વિકાસલક્ષી અને વહીવટી પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. કલેક્ટર શ્રી અમિત પ્રકાશ યાદવે બેઠકની અધ્યક્ષતા કરતા વિવિધ વિભાગોની કામગીરીનું સરવૈયું મેળવ્યું હતું. બેઠકમાં ડાકોર ખાતે યોજાનાર ફાગણી પૂનમના મેળા અને ઉત્સવને અનુલક્ષીને લાખો ભક્તોની સુવિધા માટે તંત્રને એલર્ટ કરવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગને ખાસ તબીબી ટીમો તૈનાત કરવા અને નગરપાલિકાને સ્વચ્છતા જાળવવા આદેશ અપાયા હતા. આ ઉપરાંત, શિક્ષણ ક્ષેત્રે મહત્વની એવી બોર્ડ પરીક્ષાઓના આયોજનમાં કોઈ ક્ષતિ ન રહે તે માટે પરીક્ષા કેન્દ્રો પર જરૂરી સુવિધાઓ સુનિશ્ચિત કરવા જણાવાયું હતું. નવરચિત ફાગવેલ તાલુકાને આધુનિક બનાવવા માટે નવા મકાનો અને રસ્તાઓના કામોને પ્રાથમિકતા આપવા સૂચના અપાઈ હતી. સાંસદશ્રીએ જણાવ્યું હતું કે સરકારની યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે વહીવટી તંત્રની પ્રાથમિકતા હોવી જોઈએ. આ બેઠકમાં જિલ્લાના ધારાસભ્યશ્રીઓ અને ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા અને પોતપોતાના વિસ્તારના પ્રશ્નોની રજૂઆત કરી હતી.


રિપોર્ટ : હસમુખભાઈ નાયક ખેડા,

**નડિયાદ ખાતે સાંસદ દેવુસિંહ ચૌહાણ અને કલેક્ટર અમિત પ્રકાશ યાદવની ઉપસ્થિતિમાં જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં ડાકોરના ફાગણોત્સવની તૈયારીઓ, ધોરણ ૧૦-૧૨ની બોર્ડ પરીક્ષાનું આયોજન અને ફાગવેલ તાલુકાના વિકાસલક્ષી કાર્યોની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી.**

# રાહુલ ગાંધીના નિવેદનથી ભાજપ લાલચોળ; નડિયાદમાં પૂતળા દહન કરી વિરોધ

## નડિયાદ: દેશ વિરોધી માનસિકતા મુદ્દે ભાજપની આક્રોશ રેલી


રિપોર્ટ : હસમુખભાઈ નાયક

**દૈનિક પલ્સ સમાચાર:** દેશની પ્રતિષ્ઠા સાથે રમત કરતા રાહુલ ગાંધી સામે ખેડા ભાજપ લાલચોળ! દિલ્હી ખાતે યોજાયેલી AI સમિટમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આપેલા નિવેદન બાદ સમગ્ર ગુજરાતમાં વિરોધનો સૂર ઉઠ્યો છે. આ કડીમાં ખેડા જિલ્લા ભાજપ દ્વારા નડિયાદમાં એક ભવ્ય અને આક્રમક આક્રોશ રેલી યોજી કોંગ્રેસની 'દેશ વિરોધી' નીતિઓનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો.

નડિયાદના ધારાસભ્ય પંકજભાઈ દેસાઈના નેતૃત્વમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ભાજપના કાર્યકરોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. સરદાર ભવનથી શરૂ થયેલી આ રેલીમાં રાહુલ ગાંધીના નિવેદનોને દેશની આબરૂ હરાજી કરવા સમાન ગણાવવામાં આવ્યા હતા. ભાજપ નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે ભારત આજે જ્યારે AI અને આધુનિક ટેકનોલોજીના બળ પર દુનિયાનું નેતૃત્વ કરી રહ્યું છે, ત્યારે રાહુલ ગાંધી વિદેશી મહેમાનોની હાજરીમાં દેશની મજાક ઉડાવી રહ્યા છે. ધારાસભ્ય પંકજભાઈ દેસાઈએ આકરા શબ્દોમાં ટીકા કરતા કહ્યું કે, "રાહુલ ગાંધી અને કોંગ્રેસ પક્ષને ભારતની પ્રગતિ પચતી નથી. વિશ્વ જ્યારે ભારતની ક્ષમતાને સ્વીકારી રહ્યું છે, ત્યારે કોંગ્રેસ આવા મુદ્દાઓ પર નિચલા સ્તરનું રાજકારણ રમીને દેશવાસીઓનું અપમાન કરી રહી છે." રેલી દરમિયાન "દેશદ્રોહી માનસિકતા તેજો, ભારત માતા કી જય" જેવા સૂત્રોથી નડિયાદ ગુંજી ઉઠ્યું હતું.

વિરોધ પ્રદર્શનના ભાગરૂપે જાહેર માર્ગ પર રાહુલ ગાંધીનું પૂતળું ફૂંકવામાં આવ્યું હતું. ભાજપના મતે, આ માત્ર રાજકીય વિરોધ નથી પરંતુ દેશની અસ્મિતાના રક્ષણ માટેનો અવાજ છે. પૂતળા દહન સમયે પોલીસ અને કાર્યકરો વચ્ચે ઘર્ષણ જેવી સ્થિતિ પણ સર્જાઈ હતી, પરંતુ કાર્યકરોએ પૂતળું ફૂંકીને કોંગ્રેસ પ્રત્યેની પોતાની નફરત વ્યક્ત કરી હતી. ખેડા ભાજપે આ નિવેદનને સખત શબ્દોમાં વખોડી કાઢી માંગ કરી છે કે રાહુલ ગાંધીએ પોતાના આ નિવેદન બદલ દેશની માફી માંગવી જોઈએ.

**કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વિદેશી મંચ અને સમિટમાં ફરી એકવાર દેશની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચાડતા નિવેદનો કર્યા હોવાનો આક્ષેપ ભાજપે કર્યો છે. ખેડા જિલ્લા ભાજપ દ્વારા નડિયાદના સરદાર ભવનથી આક્રોશ રેલી કાઢવામાં આવી હતી. ધારાસભ્ય પંકજભાઈ દેસાઈએ કોંગ્રેસના આ વલણને 'નીચલા સ્તરનું રાજકારણ' ગણાવ્યું હતું. ભાજપ કાર્યકરોએ રાહુલ ગાંધી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી પૂતળા દહન કર્યું હતું. ભાજપ મુજબ, ભારત જ્યારે વિશ્વ સ્તરે AI ક્ષેત્રમાં ઉભરી રહ્યું છે, ત્યારે આવા નિવેદનો દેશદ્રોહી માનસિકતા સમાન છે.**

# ઈશ્વરીયામાં નૂતન સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનો ભવ્ય પ્રારંભ થયો

**દૈનિક પલ્સ સમાચાર:** અમરેલીના ઈશ્વરીયા ગામે સ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાય તેવા મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનો મંગલ પ્રારંભ થયો છે. વડતાલ ગાદીના પ.પુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ અને ગામના હરિભક્તોના પુરુષાર્થથી નિર્મિત ભવ્ય મંદિરના દ્વાર હવે ભક્તો માટે ખુલવા જઈ રહ્યા છે. ૧૮મી ફેબ્રુઆરીએ નીકળેલી ભવ્ય પોથીયાત્રાએ સમગ્ર ગામમાં ઉત્સવનું વાતાવરણ સર્જ્યું હતું. આ પ્રસંગે સાંસદ પુરુષોત્તમભાઈ રૂપાલા અને અશ્વિનભાઈ સાવલીયાએ ખાસ હાજરી આપી હતી.

મહોત્સવના ભાગરૂપે આયોજિત શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ કથામાં વક્તા ઘનશ્યામવલ્લભદાસજી સવાર-સાંજ કથાનું રસપાન કરાવી રહ્યા છે. ભક્તો માટે બપોરે અને સાંજે ભોજન પ્રસાદની વ્યવસ્થા છે, જેમાં ગામના યુવાનો અને બહેનો ખડેપગે સેવા આપી રહ્યા છે. આ મહોત્સવની પૂર્ણાહુતિ ૨૧મી ફેબ્રુઆરીએ થશે, જ્યારે વડતાલ ગાદીના ભાવિ આચાર્ય પ.પુ. ૧૦૮ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી નૂતન મંદિરમાં મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા કરશે. આ ધાર્મિક મહોત્સવમાં વિવિધ ધામોના સંતો, પાર્ષદો અને સાંખ્યયોગી બહેનોની ઉપસ્થિતિએ વાતાવરણને દિવ્ય બનાવ્યું છે. ગ્રામજનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને દરરોજ હજારો ભક્તો ભગવાનના દર્શન અને કથાનો લાભ લઈ રહ્યા છે.


રિપોર્ટ : મનસુખ વાળા




# કેરાળા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીની રાજ્ય કક્ષાએ સિદ્ધિ

શિક્ષણ ક્ષેત્રે ગ્રામીણ પ્રતિભાઓ ખીલી રહી છે, જેનું ઉત્તમ ઉદાહરણ ગઢડા તાલુકાના કેરાળા ગામે પૂરું પાડ્યું છે. કેરાળા ગામની સરકારી શાળામાં ધોરણ 5 માં અભ્યાસ કરતા વિદ્યાર્થી વાળા નયન મનસુખભાઈએ પોતાની બુદ્ધિપ્રતિભાના જોરે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આયોજિત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) 2026/27 માં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. રાજ્ય કક્ષાની આ સ્પર્ધાત્મક પરીક્ષામાં પાસ થઈ નયને માત્ર પોતાના પરિવારનું જ નહીં, પરંતુ સમગ્ર ગઢડા પંથકનું ગૌરવ વધાર્યું છે. આ સફળતા બદલ ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાએ નયનને સત્તાવાર પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. નયન મનસુખભાઈની આ સિદ્ધિ પાછળ શાળાના શિક્ષકોનું માર્ગદર્શન અને વાલીઓનો સહકાર પાયારૂપ રહ્યો છે. આ અવસરે શાળા પરિવાર અને ગ્રામજનોએ નયનને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. રાજ્ય કક્ષાએ મળેલી આ ઓળખથી કેરાળા ગામના અન્ય બાળકોમાં પણ શિક્ષણ પ્રત્યે નવો ઉત્સાહ જાગ્યો છે.


State Examination Board
Gujarat State, Gandhinagar
રાજ્ય પરીક્ષા બોર્ડ । ગાંધીનગર, ગુજરાત રાજ્ય
COMMON ENTRANCE TEST 2026-27
કોમન એન્ટ્રન્સ ટેસ્ટ ૨૦૨૬-૨૭
NAYAN VALA (MANSUKHAHAI)
Aadhar UID: 242804032012110039
DOB: 16/01/2015
Category: OBC
Seat Number: 52808872
KERALA P. SCHOOL | GADHADA | BOTAD
Total Marks: 120 Marks
Obtained Marks: 24 Marks
Date: 20-02-2026
Place: Gandhinagar
Secretary
State Examination Board
Gujarat

રિપોર્ટ : મનસુખ વાળા

# બોટાદ PGVCL મેગા ડિસકનેક્શન ડ્રાઈવ: બાકી બિલ ભરો

**દૈનિક પલ્સ સમાચાર:** બોટાદ જિલ્લાના PGVCL ના ગ્રાહકો માટે વહીવટી તંત્ર દ્વારા એક અગત્યની સૂચના જાહેર કરવામાં આવી છે. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડની બોટાદ વર્તુળ કચેરી હેઠળ આવતા તમામ વિસ્તારોમાં ૨૫/૦૨/૨૦૨૬ના બુધવારના રોજ 'મેગા ડિસકનેક્શન ડ્રાઈવ' રાખવામાં આવી છે. કંપનીના આર્થિક હિતોના રક્ષણ અને બાકી લેણાંની રીકવરી માટે આ ઝુંબેશ અનિવાર્ય બની છે. આ ડ્રાઈવ દરમિયાન બાકી બિલ ધરાવતા તમામ ગ્રાહકોના વીજ જોડાણો ફિઝિકલ રીતે કાપી નાખવામાં આવશે. ગ્રાહકોએ ખાસ નોંધ લેવી કે સ્થળ પર હાજર ટીમ દ્વારા નાણાંનું કલેક્શન કરવામાં આવશે નહીં. જો કોઈ ગ્રાહકનું વીજ જોડાણ કપાઈ જશે, તો તેમણે ફરીથી વીજળી મેળવવા માટે જે-તે પેટા વિભાગીય કચેરીનો સંપર્ક કરવો પડશે. ત્યાં બાકી લેણાંની સાથે નિયમ મુજબનો 'રી-કનેક્શન ચાર્જ' ભરપાઈ કર્યા બાદ જ વીજ પુરવઠો પુનઃ સ્થાપિત કરવામાં આવશે.

PGVCL વહીવટી તંત્ર દ્વારા ગ્રાહકોને અપીલ કરવામાં આવી છે કે, છેલ્લી ઘડીની દોડધામ અને બિનજરૂરી ચાર્જથી બચવા માટે સમયસર પોતાના વીજ બીલ ઓનલાઇન એપ્લિકેશન અથવા નજીકની કચેરીએ જઈને ભરી દેવા. આપ સૌના સહકારથી જ અમે અવિરત અને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો પૂરો પાડવા કટિબદ્ધ છીએ.



રિપોર્ટ : મનસુખ વાળા

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (PGVCL) બોટાદ વર્તુળ કચેરી દ્વારા આગામી ૨૫/૦૨/૨૦૨૬, બુધવારના રોજ બાકી વીજ લેણાંની વસૂલાત માટે મેગા ડિસકનેક્શન ડ્રાઈવનું આયોજન કરાયું છે. ગ્રાહકોને અવિરત વીજ પુરવઠો મેળવવા માટે સમયસર બાકી બીલ ઓનલાઇન કે ઓફિસમાં ભરપાઈ કરવા નમ્ર વિનંતી છે.**

# ઠાસરામાં હેવાન શિક્ષકની કરતૂત: સગીરા પર આચર્યું પાશવી દુષ્કર્મ

**દૈનિક પલ્સ સમાચાર:** ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાનું ચિતલાવ ગામ આજે શરમથી ઝુકી ગયું છે. એક શિક્ષકની કરતૂતે સમગ્ર શિક્ષણ જગત પર કાળાશ લગાવી દીધી છે. શૈલેષ રાઠવા નામના શિક્ષકે જે પાશવી કૃત્ય આચર્યું છે તે સાંભળીને રૂંવાડા ઉભા થઈ જાય તેમ છે. આ હેવાન શિક્ષકે ધોરણ 8 માં ભણતી વિદ્યાર્થિનીને પોતાની વાસનાનો શિકાર બનાવવા માટે લાંબા સમય સુધી પજવણી કરી હતી.

શિક્ષકની પજવણી એટલી હદે વધી ગઈ હતી કે પીડિતાએ પોતાનું ગામ અને શાળા છોડી સાવલીમાં ધોરણ 9 માં પ્રવેશ લીધો હતો. પરંતુ, આ નરાધમની હવસ સંતોષાઈ ન હતી. તેણે સાવલી પહોંચીને સગીરાને પકડી પાડી તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. આ મામલો બહાર આવતા જ સમગ્ર પંથકમાં રોષ ફાટી નીકળ્યો છે. આ શૈક્ષણિક સંસ્થાઓમાં ભણતી દીકરીઓની સુરક્ષા પર મોટો પ્રશ્નચિહ્ન ઉભો થયો છે. પોલીસ અત્યારે આ મામલે ત્વરિત એક્શનમાં છે અને નરાધમ શિક્ષકને કડકમાં કડક સજા થાય તે માટેના પુરાવા એકત્ર કરી રહી છે. શું આવી વિકૃત માનસિકતા ધરાવતા લોકો માટે સમાજમાં કોઈ સ્થાન છે? **રિપોર્ટ : હસમુખભાઈ નાયક ખેડા,**

## આંકલાવ: શાકમાર્કેટમાં શોર્ટ સર્કિટથી આગ, જાનહાનિ ટળી

આંકલાવ નગરપાલિકાની બાજુમાં આવેલી મુખ્ય શાકમાર્કેટમાં ગત મોડી રાત્રે શોર્ટ સર્કિટના કારણે અચાનક આગ ફાટી નીકળી હતી. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતા દૂર સુધી ધુમાડાના ગોટેગોટા દેખાયા હતા, જેના કારણે સ્થાનિક રહીશોમાં ભય અને ગભરાટનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતા જ આંકલાવ નગરપાલિકાના કારોબારી ચેરમેન વિશાલ પટેલ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. તેમણે પરિસ્થિતિની ગંભીરતા પારખી પ્રોટોકોલની રાહ જોયા વગર જાતે પાણીનો પાઈપ પકડી આગ બુઝાવવાનું કાર્ય શરૂ કર્યું હતું. એક લોકપ્રતિનિધિને આ રીતે પ્રત્યક્ષ કામ કરતા જોઈ સ્થાનિક લોકો પણ હિંમતભેર મદદ માટે આગળ આવ્યા હતા. વિશાલ પટેલ અને તેમની ટીમના સઘન પ્રયાસો બાદ આખરે આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી શકાયો હતો. સમયસરની આ કામગીરીના કારણે આગ રહેણાંક વિસ્તારમાં ફેલાતી અટકી હતી અને મોટી જાનહાનિ કે મોટું આર્થિક નુકસાન ટળી ગયું હતું. આ ઘટના બાદ સ્થાનિક વેપારીઓ અને રહીશોએ રાહતનો શ્વાસ લીધો હતો અને વિશાલ પટેલની તત્પરતાની પ્રશંસા કરી હતી.

# મોટી કઠેચી-શાહપુર રોડ પર ભ્રષ્ટાચાર; ગ્રામજનોમાં ભારે રોષ અને આક્રોશ

**દૈનિક પલ્સ સમાચાર:** સુરેન્દ્રનગરના લીમડી પંથકમાં ભ્રષ્ટાચારનો પર્દાફાશ થયો છે. મોટી કઠેચી થી શાહપુર વચ્ચેનો રોડ તંત્રની લાપરવાહી અને સરપંચ-તલાટીની મિલીભગતની સાક્ષી પૂરી રહ્યો છે. રોડ પર એટલા મોટા ખાડા છે કે વાહન ચલાવવું તો દૂર, ચાલવું પણ મુશ્કેલ છે. આ માર્ગ પરથી પસાર થતી ગર્ભવતી મહિલાઓની હાલત જોઈને કાળજું કંપી જાય તેવી સ્થિતિ છે. અનેકવાર રજૂઆત છતાં ધારાસભ્ય કે અધિકારીઓના પેટનું પાણી હલતું નથી.

લોકોનો આક્ષેપ છે કે રોડ બનાવવા માટે આવેલા લાખો રૂપિયા સરપંચ અને તલાટી ખાઈ ગયા છે. નાની અને મોટી કઠેચીના હજારો લોકો દરરોજ હેરાન થાય છે, પણ તંત્ર ઘોર નિદ્રામાં છે. ગ્રામજનો હવે સીધી માંગ કરી રહ્યા છે કે ગૃહ મંત્રી હર્ષ સંઘવી આ વિસ્તારની મુલાકાત લે અને જવાબદારોને જેલના સળિયા પાછળ ધકેલે. જો તાત્કાલિક કાર્યવાહી નહીં થાય તો આગામી સમયમાં જનતા ઉગ્ર આંદોલન કરશે તે નક્કી છે. ભ્રષ્ટાચારના આ ખેલમાં કોણ કોને છાવરી રહ્યું છે તે મોટો પ્રશ્ન છે.


રિપોર્ટ : ભાવેશ રાઠોડ

**સુરેન્દ્રનગર જિલ્લાના લીમડી તાલુકામાં વિકાસના નામે મીંડું જોવા મળી રહ્યું છે. મોટી કઠેચી થી શાહપુર જતો માર્ગ મરણતોલ બની ગયો છે. સરપંચ અને તલાટીની મિલીભગતથી રસ્તાના કામમાં મોટો ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપો ઉઠ્યા છે. રસ્તાની હાલત એટલી ખરાબ છે કે હોસ્પિટલ પહોંચતા પહેલા જ ડિલિવરી રસ્તા પર થઈ જાય તેવી ભીતિ સેવાઈ રહી છે. શું તંત્ર જાગશે? ધારાસભ્ય અને તંત્રની મૌન સહમતી સામે જનતા હવે આરપારની લડાઈના મૂડમાં છે.**